Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ · અંક : ૧૨ · તા. ૨૧ માર્ચ થી ૨૭ માર્ચ ૧૫ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MCE/53/2015-17

## સાંયરામાં અનેરા વિવિધ કાર્યક્રમો

### ૧૩૭ મી ધ્વજા પ્રસંગે ત્રિહાનિકા મહોત્સવ

• અર્વાચીન અતિથિગ્રહનું ઉદ્દઘાટન • નવનિર્મિત ભોજનાલયનું ઉદ્દઘાટન

• ગામમાં પ્રથમ વેળાએ સાંયરાવાસીઓનું (સાંયરા વિકાસ મંડળ દ્વારા) સ્નેહ મિલન.



૧૩૭ મી ધ્વજા રોહણ પ્રસંગે ધ્વજાનો લાભ લેનાર
દાતા શેઠ શ્રી રતનશી કુંવરજી લોડાયા પરિવાર



સાંયરા રત્નનું બીરૂદ્દ સ્વીકારતા દાતાશ્રી પરિવાર
શ્રી રતનશી કુંવરજી લોડાયા પરિવાર



નવનિર્મિત અતિથી આવાસનું ઉદ્દઘાટન કરતા દાતાશ્રી
શેઠ શ્રી રતનશી કુંવરજી લોડાયા પરિવાર



નવનિર્મિત ભોજનાલયનું ઉદઘાટન કરતો
શ્રી રતનશી કુંવરજી લોડાયા પરિવાર



નવનિર્મિત ભોજન ખંડનું ઉદ્દઘાટન કરતો દાતાશ્રી
શેઠશ્રી રતનશી કુંવરજી લોડાયા પરિવાર



નવનિર્મિત ભોજનાલયના ઉદ્દઘાટન પ્રસંગે વાસક્ષેપ સહ
આશિર્વાદ આપતા પ.પૂ.કંચન સાગર મ.સા.

# સાંયરામાં અનેરા વિવિધ કાર્યક્રમો • ૧૩૭ મી ધ્વજા પ્રસંગે ત્રિહાનિકા મહોત્સવ

**• અર્વાચીન અતિથિગ્રહનું ઉદ્‌ઘાટન • નવનિર્મિત ભોજનાલયનું ઉદ્‌ઘાટન**

**• ગામમાં પ્રથમ વેળાએ સાંયરાવાસીઓનું (સાંયરા વિકાસ મંડળ દ્વારા) સ્નેહ મિલન.**

સાંયરા તિર્થે પ.પુ.મુનિરાજ શ્રી કંચનસાગર મ.સા.ની નિશ્રામાં તેમજ પ.પુ.સાધ્વીશ્રી કોમલગિરાશ્રીજી આદિઠાણા ૨ તથા પ.પુ.સાધ્વીશ્રી કાવ્યગુણાશ્રીની હાજરીમાં ત્રિહાનિકા મહોત્સવ રંગરાંગે ઉજવવામાં આવેલ.

તા.૧૯.૦૨.૨૦૧૫ના શુભ દિવસે નવનિર્મિત ભોજનાલય તથા અતિથિ આવાસનું ઉદ્‌ઘાટન દાતા શેઠ શ્રી રતનશી કુંવરજી લોડાયા પરિવાર હસ્તે માતુશ્રી દમયંતી રતનશી કુંવરજી લોડાયાના કરકમળથી વિશાલ મેદની સાથે કરવામાં આવેલ.

તા.૨૦.૦૨.૧૫ના સવારના શુભ મુહુર્તે અઢાર અભિષેક તેમજ સંગીતકાર કિશોરભાઈ સંગાર પાર્ટીના સથવારે પ્રભુભક્તિ કરવામાં આવેલ. બપોરના ૧૨.૩૯ વાગે માતુશ્રી ગંગાબાઈ લીલાધર નરશી મોમાયા સ્થાપિત તથા શેઠશ્રી રતનશી કુંવરજી લોડાયા પરિવાર (હસ્તે શ્રીમતી દમયંતીબેન ) દ્વારા નવનિર્મિત નૂતન ભોજનાલયનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. રાત્રે કુમારપાળની આરતી હતી, જેનો લાભ મણ ૧૧૯૯૯ માં માતુશ્રી વાલબાઈ દામજી નરશી ધ્રોળ પરિવારે લીધેલ.

તે જ દિવસે બપોરે સાંયરામાં પ્રથમવેળાએ સાંયરા વિકાસ મંડળ દ્વારા ૧૮મું સ્નેહમિલન આયોજવામાં આવેલ. જ્યારે અતિથી આવાસના તથા ભોજનાલયના નવનિર્માણના દાતાશ્રી તેમજ ભોજન સમારંભના દાતા માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા પરિવાર, સાંસ્કૃતિક કાર્યક્રમના સૌજન્ય દાતા માતુશ્રી સોનબાઈ મુલજી પટેલ પરિવાર તથા ઈનામ વિતરણ તથા બહુમાનના દાતા શ્રીમતી ચેતન બિપીન લક્ષ્મીચંદ મોમાયા પરિવારનું બહુમાન થયેલ.

શ્રી મણીકાંત રતનશી લોડાયાને એમની નિસ્વાર્થ સેવાઓ બદલ ''સાંયરા રત્ન'' ના બિરૂદથી નવાજવામાં આવેલ. ભારતભરના (ચાલુ વર્ષે) તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પારિતોષિકો અપાયા હતાં. વિશેષમાં ગામની સ્થાનિક શાળાની બાળકીઓ દ્વારા થયેલ નૃત્ય કાર્યક્રમને પણ વધાવી પ્રોત્સાહન ઈનામો અપાયાં હતાં. આ મનોરંજક સાંસ્કૃકિત કાર્યક્રમ સમસ્ત સાંયરા ગામવાસીઓએ રસપૂર્વક માણ્યો હતો.

તા.૨૧.૦૨.૧૫ના ત્રીજા દિવસે (ફાગણ સુદ ત્રીજના) સવારના શુભ મુહુર્તે સત્તરભેદી પૂજન ભણાવ્યા બાદ બપોરના ૧૨.૩૯ વાગે દાતાશ્રી શેઠશ્રી રતનશી કુંવરજી લોડાયા પરિવાર દ્વારા ૧૩૭મી ધ્વજારોહણ કરવામાં આવેલ.



**ફિલ્મ-ટીવી -પ્રોડ્યુસરનાં આગેવાન તરીકે શ્રી હીરાચંદ દંડ**
**શ્રીલંકાના મીડીયા પ્રધાન ગયાન્થા કરુણાતિલકા ને મળ્યા.**

ફિલ્મ-ટીવી-પ્રોડ્યુસરની સંસ્થા ઇંડીયન કાઉન્સીલ ઓફ ઈમ્પેક્સ ફોર ફિલ્મસ એન્ડ ટીવી પ્રોગ્ગ્રામર્સના પ્રેસીડન્ટ જાણીતા જ્ઞાતિ આગેવાન શ્રી હીરાચંદ દંડ ૧૦-૩-૨૦૧૫ ના કોલંબોમાં શ્રીલંકાના મીડીયા પ્રધાન - ગયાન્થા કરુણાતિલકાને મળ્યા અને તેમને શ્રીલંકામાં ટેલીકાસ્ટ માટે લેવાથી હિંદી ફિલ્મોની વધારે પડતી ડ્યુટી ઓછી કરવાનું આશ્વાસન મેળવ્યું હતું.

# સાંયરામાં અનેરા વિવિધ કાર્યક્રમો



ભોજનાલયના કીચન રૂમના દાતાશ્રી માતુશ્રી પ્રેમીલાબેન
પદમશી કુંવરજી લોડાયા સહ પરિવાર નું બહુમાન



ઓફિસના દાતા માતુશ્રી વાલબાઇ દામજી નરશી ધ્રોળ
સહ પરિવારનું બહુમાન



અતિથી આવાસના રૂમ નં. ૦૧ના દાતાશ્રી માતુશ્રી રાણાબાઇ વિસનજી
ઓભાયા અને માતુશ્રી નવલબાઇ ટોકરશી મોમાયા પરિવારનુ બહુમાન



રૂમ નં ૨ ના દાતા માતુશ્રી માનબાઇ પદમશી તથા
શેઠશ્રી જવેરચંદ પદમશી હસ્તે મધુકર પરિવારનું બહુમાન



અતિથી આવાસના રૂમ નં. ૩ ના દાતાશ્રી પરિવાર
માતુશ્રી સોનબાઇ મુલજી પટેલ સહપરિવારનું બહુમાન



અતિથિ આવાસના રૂમ નં. ૪ના દાતાશ્રી
શ્રી પ્રદીપભાઇ રતીલાલ ટોકરશી લોડાયા પરિવારનું બહુમાન



અતિથી આવાસના રૂમ નં. ૫ ના દાતાશ્રી
માતુશ્રી મુરબાઇ જવેરચંદ વેલજી લોડાયા પરિવાર નું બહુમાન



અતિથી આવાસના રૂમ નં. ૬ હૉલના દાતાશ્રી માતુશ્રી ગંગાબાઇ
લધાભાઇ દેવરાજ પટેલ પરિવારની બહેનોનું બહુમાન



સત્તરભેદી પુજાનો લાભ લેતો દાતાશ્રી
શેઠ શ્રી રતનશી કુવરજી લોડાયાના પરિવાર



ધાર્મિક સમિતિના સભ્યોનું બહુમાન

# પરજાઉમાં ૯ પ્રતિમાજીનો નુતન દેવકુલિકામાં પ્રવેશ



પરજાઉમાં પ્રસ્થાપિત આઠ પ્રતિમાજીઓ અને પાલીતાણાની નપટુંકમાંની ઉજમ ફઈની ટુંકમાંથી અચલગચ્છાધિપતિ પાસે વાસક્ષેપ નખાવી પરજાઉ લવાયેલ એક પ્રતિમાજીને નબીદેવનું કામમાં પ્રસ્થાપિત કરવાનો ઉત્સવ આનંદ પુર્વક સંપન્ન થયો.

(વધુવિગત - સમાચાર વિભાગમાં)



























**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 12/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.
સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# હોપ ૧૦૦૦નો નફાકારક વિકાસ કરતાં ભલે વરસો લાગે તેમાં થયેલ રોકાણની પ્રવાહિતા તો તરત વધારી શકાય

હોપ ૧૦૦૦ના પ્રોજેકટને ક્યારેક લોકો હોપલેસ ૧૦૦૦ કહી તેની મજાક ઉડાડે છે. સરકારી તંત્રમાં ઉચ્ચહોદ્દો ભોગવી તેની આયોજન પ્રક્રિયાને નજીકથી જોનારા જ્ઞાતિના એક વિચારકે મોટા રોકાણ વગર ૧૦૦૦ જેટલા રહેઠાણ બાંધવાની જે અફલાતૂન યોજના બનાવી તેની આવી મજાક સમજદાર જ્ઞાતિજનને જરૂર ખૂંચવાની.

હોપ ૧૦૦૦ એક બિન નફાકારક કંપની છે. આવનારા વર્ષોમાં જ્યારે વ્યાજના દર ઘટવાના છે તેવા સમયમાં સમજદાર સમુદાયોએ રોકાણ પર નિયંત્રણ હોય તેવા ટ્રસ્ટ સ્થાપવાને બદલે પોતાના દાન અને રોકાણોમાંથી વધુમાં વધુ લાભ મેળવવા રોકાણના વિવિધ વિકલ્પો અજમાવવાથી છૂટ હોય તેવી બિનનફાકારક કંપની સ્થાપવાનો વિકલ્પ વિચારવો /અપનાવવો પડશે.

આ દૃષ્ટિએ આજથી દાયકાઓ પહેલાં બિનન કારક કંપની સ્થાપવાનો નિર્ણય યોગ્ય હતો કે નહીં અને અગર નિર્ણય યોગ્ય હતો તે ફળદાયી કેમ ન બન્યો તે અંગે જ્ઞાતિએ ગંભીરતાથી વિચારવું પડશે.

આ વિચારણા શરૂ કરતાં પહેલાં હોપ ૧૦૦૦ સંરચનાની દૃષ્ટિએ કેવી છે તેની સમજ કેળવવી પડશે. તેને તેની સમગ્રતામાં સમજીએ તો તે પંચસ્તરીય વ્યવસ્થા છે. જેના પ્રારંભે એક વિચારક છે, તે પછીના સ્તરે તે વિચારકના વિચારોને સાકાર કરવા એક સંચાલક મંડળ કે બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ છે. આ બોર્ડ ઓફ ડાયરેક્ટર્સને પ્રારંભિક મૂડી પૂરી પાડનારા એ બિન નફાકારક કંપનીના સભ્યો છે, તે પછીના એટલે કે ચતુર્થ સ્તરે એ બિનનફાકારક કંપની પોતાના ઉદ્દેશ્ય માટે વિશાળ જમીન ખરીદી શકે તે માટે એ કંપની પાસે માત્ર ખેડૂતો પાસેની પ્રતીકાત્મક પૈસા લઈ કરી આપેલ અમે અમારી જમીન તમને જ વેચવા બંધાઈએ છીએ એવી જ ખાતરીના આધારે ૨૨૫૦ ચો.ફૂટના પ્લોટ ખરીદનારા રોકાણકારો છે. આખી વસ્તુના અંતિમ સ્તરે સમુદાય છે જેને વચન આપવામાં આવ્યુ છે કે આ આખી ગડમથલ અને જહેમતને પરિણામે આવનાર નફામાંથી સમુદાયના લોકોને વ્યાજબીદરે અને સમુદાયના નબળા વર્ગને પ્રતીકાત્મક ભાડાએ રહેઠાણ પૂરા પાડવામાં આવશે. એકંદરે જોઈએ તો આ ઓછામાં ઓછા રોકાણે મહત્તમ લાભ લેવા માટેનું એટલું સર્વોત્તમ શ્રેષ્ઠ આયોજન છે કે જો રાષ્ટ્રીય સ્તરના આયોજનકારોને પણ તેની વાત કરીએ તેઓ પણ બોલી ઉઠે વા કયા બાત હૈ!

જો ખરેખર એમ હોય તો આટલું શ્રેષ્ઠ આયોજન ફળદાયી કેમ ન બન્યું ? કદાચ તેથી આંખુ આયોજન એક પ્રોફેશનલ સંગઠન તરીકે નહીં પણ આપણે તો સેવા જ કરીએ છીએ એટલે હોતા હૈ, ચલતા હૈ ની નીતિથી રગસીયું ગાડું ચલ્યું ન ચાલ્યુ ને ઉભુ રહી ગયું. બિન નફાકારક કંપનીના ખ્યાલ પોતાના ખ્યાલને મૂર્તિમંત કરવાની જવાબદારી સ્વીકારનાર બોર્ડ ઓફ ડાયરેકટરોને પણ સમજાવવાની વિચારકે પૂરતી કાળજી લીધી નહોતી.

અધુરામાં પૂરું બોર્ડના ડાયરેક્ટરોએ પ્રારંભિક મુડી પૂરી પાડનારા સભ્યો સાથે પણ પૂરતો સંપર્ક અને સંવાદ ન રાખ્યો તો પ્લોટ લેનારા લાભાર્થીઓની શી વાત કરવી ? અને જેને સપના બતાડવામાં આવેલા એ સમુદાયના લોકોનો તો નંબર જ ક્યાં લાગે ?

તાજેતરમાં સરકારે હોપ ૧૦૦૦ની જમીન જ્યાં આવેલી છે તે વિસ્તારના

વિકાસ માટે આકર્ષક યોજના જાહેર કરી ત્યારે હોપ ૧૦૦૦ના આગેવાનો તરફથી આશાવાદ રખાયો હતો કે હે બહુ ઝડપથી એ જમીનનો વિકાસ થઈ શકશે.

હકીકતમાં જ્યાં સુધી સેવાભાવના અને પ્રોફેશનાલાઈઝમનો સંગમ નહીં કરવામાં આવે ત્યાં સુધી ખરેખરો લાભ થવાની શક્યતા નથી.

આ ગુંચવાડામાંથી બહાર આવવા માટે થોડા વર્ષો પહેલાં પ્રકાશ સમીક્ષામાં હોપ ૧૦૦૦ નામની સેવાભાવી સંસ્થાને અંક પ્રોફેશનલ સંગઠનનો ભાગ બનાવવાનું સૂચન કરવામાં આવેલું.

એ સૂચનને થોડું વિગતવાર જોઈએ તો હોપ ૧૦૦૦ પાસે અત્યારે ૧૬ એકર જમીન છે જેમાં ૪ એકર જેટલી જમીન વિવાદમાં છે અને જ્યારે વધુ જમીન મેળવવાની ધારણા હતી તે વખતની મૂળ યોજના પ્રમાણે ૨૨૫૦ ચો.ફૂ.(૪૫ફૂટ /૫૦ ફૂટ) ના પ્લોટ પાડીએ અને તેને માટે રસ્તાઓ વિકસાવીએ તો સમુદાયના લાભ માટે કાંઈ ખાસ બચે નહી એવી મુશ્કેલી સામે આવી.

આ કારણે પ્લોટ પડાયા નહીં અને પ્લોટ લેનારાઓના પૈસા ફસાઈ ગયા હોય તેવી સ્થિતિ પેદા થઈ. મોટા ભાગના પ્લોટ ધારકો સમુદાયને મદદરૂપ થવાની ભાવનાવાળા છે પણ દાદાએ પ્લોટ લીધો હોય તો પૌત્ર-પૌત્રી સુધી માંડ લાભપહોંચે કે ન પહોંચે તેવી સ્થિતિમાં મૂકાવવું પડયું તેને કારણે એમનામાં ભારે અસંતોષ છે.

ખેદની વાત એ છે કે સમુદાયની સેવા કરવા ઈચ્છુક વિચારક-તેમના વિચારનો અમલ કરાવવા ઈચ્છતા ડાયરેકટરે અને તેમને પ્રારંભિક મૂડી આપનારા બિનનફારકારક સંસ્થાના સભ્યો પ્લોટ ધારકો વચ્ચે સાંતુલિત સમન્વય સાધવામાં વખતોવખત મુશ્કેલી અનુભવી રહ્યા છે.

વ્યવસાયિક કંપનીઓના ઘણા પ્રોજેક્ટોને ફળદાયી બનતા દાયકા લાગે છેપણ તે માટે રોકાણ કરનારાઓ મુશ્કેલી અનુભવતા નથી કારણ કે એ રોકાણ શેર રૂપે વિભાજિત હોય ભારે પ્રવાહિતાવાળું હોય છે. એટલે એમાં જેમને પ્રોજેક્ટ લાભકારી લાગતો હોય તે શેર ખરીદી શકે છે અને જેને લાભકારી ન લાગતો હોય કે વ્યવહારિક મુશ્કેલી હોય તે શેર વેચી બહાર જઈ શકે છે.

હોપ ૧૦૦૦ નો પ્રોજેકટ તેના કરનારાથી માંડીને સમુદાય માટે લાભકારી બનવાનો છે પણ તેને અંતિમ તબક્કાનો વિકાસ સાધવામાં એકાદ દાયકો વીતી જશે. ત્યાં સુધીમાં પણ પ્લોટ ધારક અને સમુદાયને લાભ મળતો રહે તેવું આયોજન કરવાની તાતી જરૂર છે.

હોપ ૧૦૦૦ પાસે ૭ લાખ ચો. ફૂટ જમીન છે તેમાંથી પ્લોટ ધારકોને આપવાની થતી જમીન આશરે અઢી લાખ ફૂટ જ છે પણ એ બંગલા સ્કીમ પ્રમાણે હોઈ તેમને તે આપવા માટે રસ્તા આદિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવામાં આશરે દોઢ લાખ ફૂટ નકામા ચાલી જાય તેમ છે.

તેને બદલે દરેક પ્લોટ ધારકોને ૨૨૫૦ ચો.ફૂટ. જમીન રૂ.૧૦૦૦ નો દર ચો.મી.નો ભાવ રૂ.૧૦ ની કિંમતના, ૨૫,૦૦૦ શેર આપવામાં આવે તો દરેકને તાત્કાલિક સવા બાવીસ લાખનો પ્રવાહિતવાળો દસ્તાવેજ (શેર) હાથમાં આવે.

સભ્યો અને બોર્ડ ઓફ ડાયરેક્ટર રૂપે એવા આપનારાઓને પણ સભ્યો અને લાભાર્થીઓ માન્ય કરે તેટલા શેર આપી શકાય. કુલ જમીન ૭ લાખ ચો.ફૂટ છે. અને એક ચો.ફૂટનો ભાવ રૂ.૧૦૦૦ ગણીએ તો સમુદાય પાસે પણ રૂ.૧૦ ની કિંમતના ૪ કરોડ શેર હોય જેની કિંમત રૂ.૪૦ કરોડ જેટલી થાય.

સમુદાય તેમાંથી કેટલાક શેર વેચી બહુ ખરાબ સ્થિતિમાં વસતા જ્ઞાતિજનોને ભાડા પર સારી જગ્યાએ વસાવી શકે. વધુ અનુકુળ નવા પ્લોટ ખરીદી શકે અને તેની ઉપર રહેઠાણ યોજના કરી શકે.

અગાઉ જણાવ્યું તેમ સંસ્થાઓના રોકાણને વધુ લાભદાયી હેતુવાળી બિનનફાકારક કંપનીઓ સ્થાપવી પડશે અને તે માટે જ્ઞાતિની પહેલી બિનનફાકારક કંપનીની નિષ્ફળતા સફળતામાં પણ લઈ જવી જોઈએ. જો મોટી મોટી કંપનીઓના મોટા મોટા પ્રોજેક્ટ પૂરા થતાં વરસો લાગે છે પણ તેમાં રોકાણ કરનારાઓને મુંઝાવવા જેવું નથી હોતું.

એટલે આશા રાખીએ કે હોપ ૧૦૦૦ ના સંચાલકો હેતુવાળી બિનનફાકારક કંપની ચલાવવા માત્ર સેવાભાવના જ નહીં પણ પ્રોફેશનાલિઝમ જરૂરી છે એ વાત સમજી આખા પ્રોજેકટને લીકવીડીટી (પ્રવાહિતા) વાળો બનાવવા પ્રયત્ન કરશે અને જરૂર પડે પ્રોફેશનલોની મદદ લેશે અને સૌથી મોટીવાત જે કાંઈ કરે તે પારદર્શક રીતે કરશે જેથી આ પ્રોજેક્ટ સર્વજન હિતાય સર્વજન સુખાય બને !

**ચંદ્રસેન મોમાયા**

RAJSHREE YOGA & FAT FREE ZONE ®

Weight Management & Yoga Center
Since 1994

## રાજશ્રી યોગાના ડાયાબિટીસ મુક્તિ અભિયાનમાં
## ઘણા લોકો ભાગ લઈ ચુક્યા છે. શું આપ હજી બાકી છો ?

આપણે આપણી બેદરકારી અજ્ઞાનતા અને લાઈફ સ્ટાઈલ થી **"બિલકુલ ટાઈમ નથી"** ના રટણ હેઠળ પોતાની જીંદગી તથા ભવિષ્યની પેઢીનું સ્વાસ્થ્ય જોખમમાં મુકી રહયા છીએ.

**હવે જન્મથી જ બાળકો ડાયાબિટીસ લઈને આવે છે.**

આ બધા માટે આપણે જ જવાબદાર છીએ. તો ચાલો આજે જ નિશ્ચય કરીએ કે આપણા કુટુંબ અને સમાજને ડાયાબિટીસ મુકત કરીએ. જેટલા લોકો ડાયાબિટીસ માટે જોડાયેલા એમાંથી લગબગ બધા જેમણે આખો કોર્સ પૂરો કર્યો છે તેમાંના ઘણાની દવા તથા ઈન્સ્યુલીન બંધ થઈ ગયા છે. ફરી સુગર વધે નહીં એ માટે મેઈનટેઈન નો પ્રોગ્રામ આપવામાં આવે છે.

→ જેમના લગ્ન થયા છે અને ડાયાબિટીસ છે પરંતુ હજી બાળકો નથી તેઓ જરૂર સંપર્ક કરે. જો માતા-પિતાને ડાયાબિટીસ નહીં હોય તો આવનારા બાળકો પણ કદાચ ડાયાબિટીસ મુકત હશે.

→ નાના બાળકો અને ઈન્સ્યુલીન લેનારાઓ માટે ખાસ.

Ph:- 93233 33303, 93218 99909, 24104142

મેડીકલ ડૉક્ટરનું માર્ગદર્શન ઉપલબ્ધ. એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી.

રિસેપ્શનિસ્ટ માટે English બોલી શકે તેવી તથા કોમપ્યુટર માટે છોકરીઓ જોઈએ છે

૫, ધન બીલ્ડીંગ, પહેલે માળે, દાદા સાહેબ ફાલકે રોડ,
ગાડગે મહારાજ સેનેટોરિયમની સામે ભરતક્ષેત્રની ગલી માં, દાદર (ઇ), મુંબઇ-૪૦૦ ૦૧૪

Website : www.rajshreeyoga.com E-mail : rajshreeyoga@gmail.com

## જૈન સાહિત્યના ક્ષેત્રે કરવા જેવાં કેટલાંક કામો વિશે ચિંતન કરવાનો સુવર્ણ અવસર

પહેલા કક્કો-બારાક્ષરી, આંક, નામાં અને હિસાબનું થોડુ ભણ્યા એટલે બસ થયું. એ વખતે આપણા સમાજમાં સંસ્કૃત કે પ્રાકૃત ભાષા ભણેલા અતિ અલ્પ હતા. એમનો સર્વત્ર સત્કાર થતો. વિક્રમની વીસમી સદીમાં તો એમાં આશ્ચર્યજનક પરિણામ આવ્યું. આ સૈકામાં સંસ્કૃત, પ્રાકૃત, તત્વજ્ઞાન, શિલ્પ-સ્થાપત્ય, ચિત્રકળા આદિ વિષયોના સેંકડો વિદ્વાનો તૈયાર થયા. એના પરિણામ જૈન સાહિત્ય ક્ષેત્રે બહુમુખી ક્રાંતિ થઈ. વીસમી સદીની આ સાહિત્યિક ગતિએ વિશ્વને અનેક પ્રતાપી વિદ્વાનોની ભેટ ધરી છે. આ સમયે ગુજરાતી ભાષા અને સાહિત્યની વિકાસયાત્રા અવિરત, અસ્ખલિત ચાલતી રહી. જૈન ગુર્જર સાહિત્ય ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર બહુશ્રુત વિદ્વાનોનું આ સમયે ભારતીય સંસ્કૃતિના વિકાસમાં અનોખું યોગદાન રહ્યું.

આમ જૈન સાહિત્યનો ઈતિહાસ અત્યંત રસપ્રદ અને રોમાંચક રહ્યો છે. વિક્રમની વીસમી શતાબ્દીમાં જૈન સાહિત્ય ક્ષેત્રનો સારો એવા વિકાસ થયો છે, પરંતુ હજુ આ ક્ષેત્રમાં ઘણું-ઘણું કરવાનું બાકી રહે છે. આપણા જૈન જ્ઞાનભંડારોમાં લાખો હસ્તપ્રતો અત્યારે સુપ્રાપ્ત છે. જૈનોનો એ અમુલ્ય વારસો છે. વિશ્વની તમામ ભાષામાં આ વારસો અદ્વિતીય છે. જૈન સમાજ આ દિશામાં સક્રિય બને અને જૈન વિદ્વાનોને આ કાર્ય તરફ વધુ રસ અને રુચિ લેતા કરે તો જૈન સાહિત્ય ક્ષેત્રે આ સદીનું અત્યંત વિરલ, વિશિષ્ટ અને વિક્રમી કામ થઈ શકશે.

**જૈન સાહિત્ય વિશે કરવા જેવાં કેટલાંક કામો**

આજે એકવીસી સદીમાં વિજ્ઞાન અને ટેક્નૉલૉજીની જબરદસ્ત ક્રાન્તિ આવી ચુકી છે. કમ્પ્યુટર અને ઈન્ટરનેટ જેવાં માધ્યમોથી વિશ્વ તદ્દન નજીક આવી ગયું છે. એથી જ વર્તમાન સમયે જૈન સાહિત્ય ક્ષેત્રે કેટલુંક નક્કર અને પાયાનું કાર્ય કરવાની જરૂર જણાય છે.

(૧) જૈનો પાસે પોતાનું જે સાહિત્ય છે એ અત્યંત વિપુલ છે. પ્રાકૃત, અર્ધમાગધી, સંસ્કૃત, અપભ્રંશ, જૂની ગુજરાતી, રાજસ્થાની, હિન્દી, મરાઠી, કન્નડ, તેલુગુ, તમિલ વગેરે ભાષાઓમાં પ્રાચીન જૈન સાહિત્ય પુષ્કળ પ્રમાણમાં રચાયું છે. ભારતમાં જુદા-જુદા જૈન જ્ઞાનભંડારોમાં વીસ લાખથી વધુ હસ્તપ્રતો અપ્રકાશિત છે. ત્રણ-ચાર સૈકા સુધી ચાલે એટલું સંશોધનકાર્ય આ ક્ષેત્રમાં પડેલું છે. જૈન સાહિત્યનું અધ્યયન-સંશોધનનું કામ સારી રીતે ચાલતું રહે એ માટે હવે પાયાનું કહી શકાય એવું કામ એ કરવાનું છે કે પ્રાકૃત, અર્ધમાગધી વગેરે પ્રાચીન ભાષાઓનો જ અભ્યાસ જૈન સાધુ-સાધ્વીઓમાં સુધ્ધાં ઘટતો જાય છે એના બદલે એનું અધ્યયન વધારે પ્રમાણમાં થવા લાગે એ દિશામાં વિશેષ ધ્યાન આપીને જરૂરી ઉપાયો શોધવાની ખાસ જરૂર છે.

(૨) જૈન સાહિત્યનાં અધ્યયન-સંશોધનને ચાલુ રાખવા માટે બીજી પાયાની જરૂર છે, પ્રાચીન લિપિને શુદ્ધરૂપે વાંચી શકે અને પ્રાચીન ગ્રંથોની સુંદર નકલો કરી શકે એવા લિપિવાચકો અને લહિયાઓ તૈયાર થાય એ માટે ખાસ પ્રયત્ન કરવાની અને પૂરતું પ્રોત્સાહન આપવાની, કારણ કેઆ વિષયમાં નિપુણતાં ધરાવનારાઓની સંખ્યા ઘટતી જાય છે અને એમનું સ્થાન લઈ શકે એવી નવી વ્યક્તિઓ તૈયાર કરવાના કાર્ય તરફ આપણે હજુ એટલા ગંભીર નથી.

(૩) જૈન સાહિત્યના ઈતિહાસ બાબતે મોહનલાલ દલીચંદ દેસાઈએ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' અને હીરાલાલ રસિકલાલ કાપડિયાએ 'જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ' (ત્રણ ભાગમાં) લખ્યો છે તેમ જ શ્રી પાર્શ્વનાથ વિદ્યાશ્રમ શોધ સંસ્થાન-વારાણસીએ 'જૈન સાહિત્ય કા બૃહદ ઈતિહાસ'ના કેટલાક ભાગ પ્રગટ કર્યા છે. છતાં અપભ્રંભ અને ગુજરાતી, હિન્દી ભાષા સહિત તથા તામિલ, તેલગુ, કન્નડ વગેરે ભાષાઓ સહિત સંસ્કૃત અને પ્રાકૃતમાં લખાયેલા સમગ્ર જૈન સાહિત્યનો સૈકાવાર વિસ્તૃત પ્રમાણભુત ઈતિહાસ લખવાની જરૂર છે.

(૪) અમદાવાદ, વડોદરા, ખંભાત, પાલિતાણા, પાટણ, સુરત, જેસલમેર, બિકાનેર વગેરે ઘણાં બધાં સ્થળોના જ્ઞાનભંડારોમાં આપણા રાસા સાહિત્યની અનેક હસ્તપ્રતો પડેલી છે. એમાંની દસમા ભાગની રાસાકૃતિઓ પણ હજુ પ્રગટ થઈ નથી. આ દિશામાં જો સંગીન કાર્ય થાય તો આપણા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં એક નવો પ્રકાશ પડશે.

(૫) મોટાં શહેરોમાં જૈનધર્મનાં પુસ્તકોનાં વેચાણ કેન્દ્રો શરૂ કરવાં જોઈએ. આ પ્રકારનાં વેચાણ કેન્દ્રોમાં જૈનધર્મનાં જે માગો એ પુસ્તકો મળવાં જોઈએ. આ ઉપરાંત જૈન સાહિત્ય વિશેનાં આધુનિક પુસ્તકાલયો પણ સ્થાપવાં જોઈએ. જૈન સમાજ આ દિશામાં જો પોતાની દાનગંગા વહાવે તો આ યુગનું એક શકવર્તી કાર્ય થઈ શકશે.

(૬) આજે કમ્પ્યુટર જેવાં માધ્યમોથી અને ઈન્ટરનેટના ઉપયોગથી જૈન સાહિત્યનો પ્રચાર-પ્રસાર કરવો અત્યંત સુલભ અને સરળ બન્યો છે. જૈનધર્મનો ઈતિહાસ, તત્વજ્ઞાન, કલા, સાહિત્ય વગેરે વિષયો ઈન્ટરનેટના માધ્યમથી જગતના લોકો સુધી પહોંચાડવાનું કાર્ય હવે સહેલાઈથી કરી શકાય એમ છે. એ માટે જૈનધર્મના વિદ્વાન પંડિતોને આ ઈલેક્ટ્રૉનિક સાધનોની પૂરી તાલીમ આપી જૈન સાહિત્યની વેબસાઈટ બનાવી આ કાર્ય આગળ વધારી શકાય, આપણા સમાજમાં

વિદ્વાનોને જોઇએ એટલું માન-સન્માન અપાતું નથી. એમની સતત ઉપેક્ષા અને અવગણના થતી જેવા મળે છે. આજના સમયમાં જૈનધર્મ અને સંસ્કૃતિને કોઇ ટકાવી શકે એમ હોય તો એ જૈન વિદ્વાનો-પંડિતો જ છે. તેમને પુરૂં માન-સન્માન અને વેતન મળે, તેમના પરિવારની તેમને કોઇ ચિંતા ન કરવી પડે એવી વ્યવસ્થા જો જૈન સમાજ ગોઠવી શકે તો આ એકવીસમી સદીમાં જૈન સાહિત્યનું અત્યંત વિરલ કાર્ય થઇ શકે, પુજ્ય સાધુ-સાધ્વી ભગવંતોએ અને જૈન અગ્રણીઓએ પણ આ પ્રશ્ને ગંભીરતાથી વિચારણા કરીને નિર્ણય લેવાનો અવસર હવે આવી લાગ્યો છે.

સમાપન કરતાં એટલું જ કહી શકાયકે જૈન સમાજ જ્ઞાન અને વિદ્યાના ક્ષેત્રમાં વધુ ને વધુ રસ લેતો થાય અને આ ક્ષેત્ર તરફ વિશેષ દાનનો પ્રવાહ વહેતો રહે તો જૈન સાહિત્ય ક્ષેત્ર વધુ સંગીન અને સમૃદ્ધ બની સમગ્ર વિશ્વને એક નવું પરિમાણ આપી શકે તેમ છે.

**ચિમનલાલ કલાધર, મીડ ડેમાંથી સાભાર**

## જીવનયાત્રા



જન્મ તારીખ
૧૦-૦૨-૧૯૩૯

સ્વર્ગવાસ તારીખ
૦૩-૦૩-૨૦૧૫

**સમાજરત્ન શ્રી રાયચંદ હંસરાજ ધરમશી** (ઉ.વર્ષ ૭૬)
ગામ : સુથરી - હાલ : વરલી

**ઋણ સ્વીકાર**

અમારા પૂજ્ય પિતાશ્રી રાયચંદ હંસરાજ ધરમશી, કચ્છ સુથરી, હાલ વરલીના તારીખ ૦૩/૦૩/૨૦૧૫ ને મંગળવાર, ફાગણ-સુદ તેરસના રોજ થયેલ અવસાનની દુઃખદ ઘટનામાં આપશ્રીએ અંતિમયાત્રામાં, પ્રાર્થના સભામાં હાજરી આપી, અથવા ટેલિફોન, પત્ર તેમ જ અન્ય સંદેશ માધ્યમો દ્વારા, અમારા દુઃખમાં સહભાગી થયા તે બદ્દલ ધરમશી પરિવાર આપનો ઋણી છે. તે ઉપરાંત મુંબઈ તથા દેશ-દેશાવરમાંથી વિવિધ ટ્રસ્ટો, સામાજિક સંસ્થાઓ તથા આચાર્ય-ભગવંતો તરફથી શોક-ઠરાવ, આશ્વાસન પત્રો વગેરે મળેલ છે તે સર્વેનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

આ સર્વેમાં અમારા થકી જિન આજ્ઞા વિરૂદ્ધ કોઈ કાર્ય થયું હોય તો આપ સર્વેને મિચ્છામી દુક્કડમ.

**ધરમશી પરિવાર**

CHINTAN GRAPHICS




## લાલા તીર્થના ટ્રસ્ટ બોર્ડનો ખુલાસો

“પ્રકાશ સમીક્ષા” અંક-૪ (તા.૨૪ થી ૩૦ જાન્યુ ૨૦૧૫) પાના નં.૧૨ ઉપર “લાલા તીર્થનું ટ્રસ્ટ બોર્ડ પારદર્શકતા અપનાવે” શિર્ષક હેઠળ લખેલ લખાણ બાબત ખુલાસો કરતા જણાવવાનું કે આ લખાણ કંઈક ૧) ગેરસમજથી ૨) અમુક માહિતીની જાણકારી ન હોવાથી ૩) કંઈક પૂર્વગ્રહથી અને ૪) અમુક જાણકારી લખનારાઓ પાસે હોવાથી છતાં જાણકારી નથી એવું બતાવવાનો પ્રયાસ થયેલ છે.

છેલ્લી ચુંટણીમાં નવા ટ્રસ્ટીઓની સર્વાનુમતે નિમણુંક થયેલ નવા ચુંટાયેલ ટ્રસ્ટીઓએ પહેલે જ વર્ષે નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કરેલ. જેની વિગતો અવારનવાર પ્રકાશ-સમીક્ષા અને પાંજો પ્રતિબિંબમાં છપાયેલ.

કાર્યક્રમો : ૧) ચુંટાયા પછી પહેલે જ વર્ષે પર્યુષણ પર્વનું આયોજન કર્યુ. ૨) પિકનિકનું આયોજન કર્યુ. ૩) ગામનાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાયતા તેમજ પાંચ કોમ્પ્યુટરર્સ શાળામાં ભેટ રૂપે અર્પણ કરેલ. ૪) ગામમાં નેત્ર કેમ્પ ફ્રી તેમજ ફ્રી ચશ્મા વિતરણનું આયોજન કર્યુ.

અમોએ કરેલા કાર્યક્રમો સૌના સાથ સહકારથી નિર્વિઘ્ને પાર પાડયા, તેના સારા પરિણામ આવવા લાગ્યા. ગામમાં સારો ઉમંગ ઉત્સાહ વધવા લાગ્યો. ગામવાસીઓની વિનંતીઓ અમો નવા ટ્રસ્ટીઓને આવતી રહી કે આવા સુંદર કાર્યક્રમો દર વર્ષે આયોજન કરતા રહો.

પણ...બીજે જ વર્ષે અમોએ પર્યુષણ પર્વની આરાધના માટેની જેવી જાહેર ખબર આપી કે તરત જ જુના ટ્રસ્ટીઓએ પર્યુષણ આરાધના કરાવવાની અયોગ્ય જાહેરાત આપી. તેઓશ્રીના મનમાં શી ધુન જાગી કે તેઓ ટ્રસ્ટીઓ ન હોવા છતાં અનઅધિકૃત જાહેર ખબર આપી. દરેક મહાજન-સંઘોમાં લાલા ગામની હાસ્યાસ્પદ સ્થિતિ થઈ ગયેલ કે એક નાનકડાં ગામમાં બબ્બે પર્યુષણ પર્વ? ગામની તેમજ ગામનાં આગેવાનોની નાલેશી ન થાય તે માટે અમો નવા ટ્રસ્ટીઓએ તેમની વિરૂધ્ધ કોઈપણ કાર્યવાહી ન કરવી તેવો નિર્ણય લીધો. ભલે તેઓશ્રી પર્યુષણ આરાધના કરાવે.

પણ...આટલાથી ન અટકતા તેઓશ્રીઓએ ચેરીટીકમીશ્નર ઓફિસમાં વાંધા-વચકા કાઢવાનું ચાલુ કર્યુ. તેઓએ અમારી વિરૂધ્ધ કેસો કર્યા? જેની વિગતોથી ગામવાસીઓ વાકેફ છે જ. ટ્રસ્ટીઓ ન હોવા છતાં અવાર નવાર પ્રકાશ સમીક્ષામાં પોતાને ટ્રસ્ટીઓ તરીકે જાહેર


# શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ

**મંજલવાસી ભાઈ–બહેનો તથા નિયાણી બહેનો**

જય જિનેન્દ્ર સાથે જણાવતાં હર્ષ થાય છે કે ‘સ્થાનિકે’ શ્રી આદેશ્વર દાદાના દરબારે, પ.પૂ.આ.ભ. - અચલગચ્છાધિપતિ શ્રીની મંગલકારી નિશ્રામાં...

**તા. ૨૭-૪-૨૦૧૫ થી તા. ૨૯-૪-૨૦૧૫ (વૈશાખ સુદ ૯થી ૧૧) યોજનારા**

**“ત્રિહાન્કિા મહોત્સવ”** ભવ્યાતિ ભવ્ય રીતે ઉજવવાની તડામાર તૈયારીઓ ચાલુ છે.

મહોત્સવના આયોજન ખર્ચ માટે આપણી સમક્ષ નિચે મુજબની યોજના રજુ કરીએ છીએ. જેમાં આપશ્રીને ઉદાર દિલે લાભ લઈને ભાગ્યશાળી બનવા નમ્ર અનુરોધ છે.

| | |
|---|---|
| ☐ **ડાયમંડ સ્થંભ... રૂા. ૧,૧૧,૧૧૧** | ☐ **પ્લેટીનીયમ સ્થંભ... રૂા. ૭૫,૦૦૧** |
| ☐ **સુવર્ણ સ્થંભ...રૂા. ૫૧, ૦૦૧** | ☐ **રજત સ્થંભ...રૂા. ૨૫, ૦૦૧** |

લાભાર્થીઓનાં નામ મહોત્સવની આમંત્રણ પત્રિકામાં પ્રગટ કરવાના હોવાથી... આપનો ફાળો તા.૩૧-૩-૨૦૧૫ સુધી નોંધવવા નમ્ર વિનંતી, જેથી આમંત્રણ પત્રિકામાં આપના નામ પ્રગટ કરી શકાય.

**લિ.શ્રી. મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘના : પદાધિકારીઓ**

**સોમચંદ વસનજી ધરમશી** - 097267 76627
**વિજય કાંતિલાલ દંડ** - 093240 35566
**પ્રફુલ ધનજી લોડાયા**
**પ્રદીપ લધુભાઈ દંડ**

**લક્ષ્મીચંદ પાસુભાઈ ગોસર** 098203 52391
**ધીરજ દેવશી ગોસર** - 098201 37341
**પ્રવીણ મેઘજી ગોસર**
**રમેશ ખીમજી ગોસર**

કરતા રહ્યાં. અમોએ બે-ત્રણ વખત તેઓશ્રીઓને રૂબરૂ મળી સમજાવવાની કોશિષ કરેલ, પણ તેઓ માન્યા નહિ. અમે લોકોએ કોઈપણ પ્રકારની કાર્યવાહી તેમની વિરૂધ્ધ કરવાની પહેલ નથી કરી.

શું આ બધું યોગ્ય હતું? પોતે ટ્રસ્ટી ન હોવા છતાં પોતાને ટ્રસ્ટીઓ તરીકે જાહેર કરવા? આ બહુ મોટો ગંભીર ગુનો ગણાય. અને બધું જાહેરમાં ખોટું થતું હતું તો લખનાર સૌ ક્યાં ગયા હતા. કેમ ચુપ હતા? ઉપરથી લખનારાઓએ આ ખોટા કાર્યની અનુમોદના કરી (પ્રોત્સાહન આપ્યું.) અમો નવા ટ્રસ્ટીઓ સાચા હોવા છતાં અમારી વિરૂધ્ધ બેંકમાં અને ચેરીટી કમીશ્નર ઓફિસમાં કાગળો લખ્યા. કેટલા સારા કાર્યો અટકાવ્યા તેનો લખનારાઓને ખ્યાલ છે? કેટલાં અંતરાયો નાંખી નવા ટ્રસ્ટ મંડળને કાંઈપણ કાર્યો કરવા ન દીધા.જુના ટ્રસ્ટી મહાશયોએ જે અમારી વિરૂધ્ધ કાર્યવાહી કરી તેના અમોએ જવાબ અને ફક્ત ખુલાસા જ કર્યા છે. (જે અમારી પવિત્ર ફરજ હતી.) અમોએ તેઓશ્રીની કોઈ નાલેશી કે ઈજ્જત નથી લીજી. સત્યનો ખુલાસો કરવો જરૂરી હતો. અન્ય સંઘોને ગેરમાર્ગે દોરી ન શકાય. અમોએ ખુલાસામાં ફક્ત સત્ય હકીકતો રજુ કરી છે. કોઈપણ અયોગ્ય શબ્દનો પ્રયોગ નથી કરેલ. અમારી વિરૂધ્ધની કાર્યવાહીમાં આપ પણ સામેલ હતા. ઉપરથી સલાહ આપો છો કે અમોએ આવું ન હોતુ કરવું જોઈતું.

ભુતકાળમાં આપણાં ગામમા ઘણા સંઘોની અવરજવર થતી હતી ત્યારે ઘણી વખત ટ્રસ્ટીઓ હાજર ન હોતા રહ્યા. સ્થાનિકોજ તેમનું સામૈયું-સ્વાગત કરતા હતા. આ વખતે ગઢશીસાથી સંઘ આવવાનો હતો. ટ્રસ્ટીઓ સંજોગોવસાત જઈ ન શક્યા. પણ અમોએ સંઘના સામૈયા-સ્વાગતની પુરી તૈયારી કરાવી રાખેલ. પ્રભાવના મહાજનશ્રી વતી કરાવી. સંઘપતી-સંઘમાતાનું તેમજ સકળ સંઘનું બહુજ સુંદર રીતે બહુમાન સ્થાનિકોએ કર્યુ. તેનું અહેવાલ પ્રકાશ-સમીક્ષા, કે.ડી.ઓ વર્લ્ડમાં પણ છપાયેલ છે. પ.પૂ.આ. ભગવંત કલાપ્રભસાગરજી મા.સા. તથા સાધુ સાંધ્વીઓ પણ આનંદ પામ્યા હતા.

બીજું આ લખાણ પ્રકાશ-સમીક્ષામાં છપાવી ગામવાસીઓને ગેરમાર્ગે દોરી રહ્યા છો.ગામવાસીઓનો ગામ પ્રત્યેનો પ્રેમ ઓછો થશે. બીજુ આરીતે જાહેરમાં છપાવીને ગામની શોભા વધસે નહીં. અમોને પણ જાહેરમાં ખુલાસા કરવા ક્ષોભ થાય છે. યોગ્ય નથી લાગતું પણ બહુ વિચાર કર્યા પછી મોડેથી પણ આ પત્ર લખવા મજબુર થયા છીએ.


શુભેચ્છા સહ.....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

**૪૦૧, રાજગોર ચેમ્બર્સ,**

**૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.**


## શ્રી કે.ડી.ઓ.જૈન મિડાટઉન સંઘ

**નેચરોપેથીથી તંદુરસ્ત રહેવાના સરળ ઉપાયો** રવિવાર તા.૧૨ એપ્રિલ બપોરના ૨.૩૦ થી ૪.૩૦ દરમ્યાન જાણીતા નેચરોપેથીસ્ટ ડૉ. શ્રી ઉપેન્દ્રકુમાર એસ.શાહ (ભાવનગરવાળા) નેચરોપેથીની વિવિધ થેરીપીઓ જેવી કે સૂર્ય ચિકિત્સા, મેગનેટ થેરીપી-એક્યુપ્રેસર-સૂયોક થેરીપી-ફોટો થેરીપી, વિવિધ મુદ્રાઓ અને સ્પીરીટીયલ હિલીંગ વગેરે થેરીપીઓ પર તલસ્પર્શી પ્રેક્ટીકલ પ્રવચન આપશે. શ્રી ઉપેન્દ્રભાઈએ આ થેરીપીઓનો ઉંડો અભ્યાસ કરી એનો જનહિત માટે માનદ્ ઉપયોગ કરી અનેક બીમારોને સાજા કર્યા છે.

આપણી નાની મોટી શારીરિક તકલીફો કુદરતી ઈલાજોથી દૂર કરવા પ્રવચન બાદ પ્રશ્નોત્તરી અને તપાસણીની ખાસ વ્યવસ્થા

આગોતરી નોંધણી અને વધારે વિગત માટે સંપર્ક.

**શ્રી રતીલાલભાઈ ખોના - 9833119477**

**શ્રી અશોક ઝવેરી - 9821144324**

### રમત ગમત

ઉપરોક્ત પ્રવચન બાદ સાંજના ૫ થી ૭ દરમ્યાન વ્યવસાયિક કલાકારો દ્વારા ઈનામોની ભરમાર સાથે જ્ઞાનવર્ધક મનોરંજન રમતો રમાડવામાં આવશે.

અગોતરી નોંધણી માટે સંપર્ક

**શ્રીમતી મીનાબેન લોડાયા - 9167747386**

**સ્થળ** -પા પા પગલી, દેવધર રોડ, માટુંગા (CR)

### યાત્રા પ્રવાસ

મંગળ-બુધ તા.૧૪-૧૫ એપ્રિલના લોનાવલા-પૂના-વૈષ્ણવ દેવ-વિરાલયમ-પાશ્વપદમાલય -કાત્રેજ-ગોવર્ધનડેરી નકરો સભ્ય માટે રૂ.૨૦૦૦/- બીન સભ્યો માટે રૂ.૨૨૦૦/- પૂરા અગોતરી નોંધણી સાથે વધારે વિગત માટે સંપર્ક.

**શ્રીમતી સુશીલાબેન ધરમશી - 97691 11034**

**શ્રીમતી ખમાબેન નાગડા- 9324013680.**

અગોતરી નોંધણી ખાસ જરૂરી મર્યાદિત જગા.

છેલ્લા ત્રણ ચાર વર્ષથી જુના ટ્રસ્ટીઓ અને લખનારાઓને અંતરાયો થકી એક પણ મીટીંગ બોલાવી શકાયી નથી. અમોએ ચેરીટી કમીશ્નરની ઓફિસમાં ઓડીટેડ હિસાબો નિયમિત રજુ કરેલ છે. બીજું શતાબ્દી વર્ષનાં હિસાબ બાબત જણાવવાનું કે તે સમયે અમો ટ્રસ્ટીઓ ન હતા. તેનો હિસાબ જુના ટ્રસ્ટીઓ જ આપી શકે.

પત્ર વ્યવહાર બાબત જણાવવાનું કે અમોની કોપણ પત્ર મળેલ નથી. કે તેની જાણકારી નથી. પર્યુષણ પર્વ તેમજ ધ્વજારોહણ પ્રસંગોએ સંખ્યા ઓછી હોય છે. લખનારાઓની બહુ જ મીઠી ફરિયાદ છે. તેમની શુભ ભાવના વ્યક્ત થાય છે. ગામવાસીઓએ સારી સંખ્યામાં ભાગ લેવો જોઈએ. જાહેરાતો આપીએ છીએ, પણ સંખ્યા સંજોગોને આધિન હોય છે. લાલા જેવા નાના ગામનાં હિસાબે સંખ્યા સારી રહે છે. સૌ સવાલ પુછનારાઓ જો હાજર રહ્યા હોત તો અધિક આનંદ થાત. અમારી ટ્રસ્ટબોર્ડની પણ લખનારાઓ માટે નમ્ર વિનંતી છે કે તેઓ પણ ગામના દરેક પ્રસંગે હાજરી આપે.

બીજું આટલા વર્ષો વચમાં પર્યુષણ પર્વની આરધના ન હોતી થતી તો લખનારા કેમ ન બોલતા ન હતા? નવા ટ્રસ્ટીઓ એ દર વર્ષે પર્યુષણ પર્વ. આરાધના કરાવવાની પ્રથા તો ચાલુ કરી. તેની તો અનુમોદના કરો. વિખવાદ છોડી, સંવાદમાં જોડાઈએ તો આપણાં સૌનું અને ગામનું ભલું થશે.

**એજ લિ.શ્રી. ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ-ટ્રસ્ટીઓ.**

**પ્રાર્થના સભા....**

ઘણા વર્ષો પહેલા આપણે ત્યાં સાદડીની પ્રથા હતી જેમાં ૮/૧૦ દિવસ સુધી અવરજવર થયા કરતી, પછી ધીરે ધીરે આ પ્રથા એક દિવસની થઈ. તેમાં પણ આખો દિવસ અવરજવર રહેતી. ત્યારપછી સમયના અભાવે સાદડી પ્રથા બંધ થઈને પ્રાર્થના સભાની શરૂઆત થઈ જે બે કલાક ચાલે છે.

મુંબઈ આપણી વસ્તી વધતી ગઈ. રહેણાંક મુંબઈથી વિરાર સુધી ને મુંબઈ થી અંબરનાથ સુધી આમાં સેન્ટ્રલ રેલ્વેના એક છેડાથી વેસ્ટર્ન રેલ્વેના બીજા છેડે પ્રાર્થનામાં જવું હોય તો લગભગ આખો દિવસ ભાંગે હોલ ભાડે રાખવાનો સંગીતકારને બોલવવાના અને ખર્ચ લગભગ ૧૦,૦૦૦ / ૩૦,૦૦૦ જેટલો આવે છે. એમાં પણ દેખાદેખી વધતી જાય છે.

જેને ત્યાં મરણ થાય તેના નજીકના સગાસંબંધી નેશમાં આવે એટલે અડધો દિવસ પહેલા ભાંગે, ઉપરાંત એમને પ્રાર્થનામાં તો આવવું જ પડે ત્યારે પણ અડધો દિવસ તૂટે.

બીજું, પહેલાં જે એકબીજા પ્રત્યે જે લાગણીઓ હતી તે દિવસે દિવસે ઘટતી જાય છે. શોક દુઃખ ગણ્યા ગાંઠ્યા સંગત માણસોને જ હોય, બાકીના તો વ્યવહાર જાળવવા આવવું પડે.

પ્રાર્થના પૂર્ણ થયા પછી કોની નોંધ લેવાય? જે ૨/૫/૭ જે લોકો ન આવ્યા હોય તેની જ ને ? ફલાણા ભાઈ નથી આવ્યા કે ફલાણાબેન નથી આવ્યા. ૫ થી ૭ ટકા લોકો એવા છે કે જે પ્રાર્થના નથી રાખતા. એમને ધન્યવાદ. પણ ખરેખર તો આપણે સર્વે એ વિચારવાની જરૂર છે કે આપણા જે નજીકના સગા-સંબંધી છે તેઓ તો નેશમાં આવે છે, તો પછી પ્રાર્થના કોના માટે રાખવી? બાકી દૂરના સગા સંબંધી, મિત્ર વર્તુળ તો ફોન પર પણ ખરખરો કરી દિલાસો આપી શકે છે. આથી હાલની આ પ્રાર્થના પ્રથા ધીરે ધીરે સ્વેછાએ ઓછી કરવાની જરૂર છે.

બીજું કોઈના ઘરમાં ૩૦/૪૦ વર્ષની વ્યક્તિનું મોત થાય અને ઘરમાં ૪/૫ જણા જેઓ એની જ આવક ઉપર નિર્ભર હોય તો એમના સગા સંબંધી મિત્ર વર્તુળમાંથી એવી રકમ ભેગી કરી આપવી જોઈએ કે જેના વ્યાજમાંથી ઘર ખર્ચ તેમજ ભણતરના ખર્ચ નીકળી શકે આ કાર્ય ખાસ



**જીગરજાન દોસ્તને**

**છઠ્ઠી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ**

**સ્વ. દામજી નરશી દંડ**

(ગામ સાંધવ-ભાંડુપ)

અ.શ. : ૨૦-૩-૨૦૦૯

સાંભરેછે સ્વભાવ. સદ્ગુણો સાંભરે,
સાંભરે છે વાત્સલ્યભર્યા વેણં,
યાદોની વણઝાર આવી આવીને.
કરીજાયછે ભીનાં અમ નેણ !
જ્યા પણ આત્માં હોય ભગવાન શાંતિઆપે

લી. ગોવિંદજી લાલજી પટેલ
ગામ સાંધવ, મુલુંડ

।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।। ।। શ્રી વાછરાદાદાય નમઃ ।।

**કોઠારા ગામમાં શ્રી વાછરાદાદાનાં મંદિરનો**

**પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ**

કોઠારા ગામમાં શ્રી વાછરાદાદાના નવનિર્મિત મંદિરનાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે કોઠારાવાસીઓ તેમજ શ્રી વાછરા દાદાને નમતા ભાવીકો તેમજ ક.દ.ઓ જૈન જ્ઞાતિ જનોને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

**શુકવાર તા. ૧૨-૬-૧૫, જેઠ વદ ૧૧**

**લિ. શ્રી. શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ, મુંબઈ**

**જયેશ જૈન (અધ્યક્ષ)    ગોવિંદજી પટેલ (ઉપાધ્યક્ષ)    પ્રબોધ મુનવર**

વિચારીને કરવા યોગ્ય છે.

મારી જીંદગીમાં અત્યાર સુધીમાં ૪૭/૪૮ વર્ષ પહેલાં એક જ બનાવ બનેલ. મારા એક મિત્રનું ૩૨ વર્ષની ઉમરે હાર્ટએટેકથી મરણ થયેલ. એની પત્ની, ૪ બાળકો હતા. ચાલુ પરિસ્થિતિ અમે ૨/૩ મિત્રોએ ભેગા થઈ વિચાર કર્યો અને મિત્ર વર્તુળ સગા-સંબંધી પારાથી સમભેગી કરી જે રૂ.૭૦,૦૦૦/- રૂપિયા થઈ તેને વ્યાજે રાખીને રૂ.૧,૦૦૦/- આવક થઈ. તેમાંથી આરામથી ઘર ખર્ચ તેમજ ભણતર વગેરે ખર્ચ નીકળી જતો. ૧૫/૧૬ વર્ષમાં છોકરાઓ મોટા થઈને કમાતા થઈ ગયા.

અંતે સ્મશાન યાત્રા વખતે ઘરેથી સ્મશાનમાં જતાં ભગવાનનું નામ લેવું કે જય જિનેન્દ્ર બોલવું યોગ્ય નથી એમ આચાર્ય ભગવંતોનું કહેવું છે.

**લક્ષ્મીચંદ ચાંપસી દંડ-અમદાવાદ**

## પરજાઉમાં ૯ પ્રતિમાજીનો નુતન દેવકુલિકામાં પ્રવેશ

પાલીતાણાનાં ગીરીરાજ ઉપર ઉજ્જમ ફંઈની ટુંકમાંથી તા. ૨૪.૦૨.૧૫નાં શ્રી શીતલનાથ ભગવાનની ઉચ્ચાપન વધિ કરવામાં આવી ઉથાપન વિધિમાં પરજાઉ મહાજના પ્રમુખશ્રી ગુલાબભાઈ ધનજીભાઈ દંડ અમદાવાદ તથા શ્રી લહેરચંદ આણંદજી દંડ સજોડે -ડોંબિવલી તથા ઝવેરીબેન પદમશી નાગડા-સુથરી તથા રમેશ દંડ સજોડે તથા ઝવેરચંદ નાગડા તથા મહેશ પદમશી નાગડા હાજર રહ્યા હતા. પાલીતાણા કચ્છીભુવનમાં પરમ પુજ્ય આચાર્ય ભગવંત અચલ ગચ્છાધિપતિ શ્રી ગુણોદય સાગરજી મ.સા.એ. વાસક્ષેપ નાખી આર્શીવચન આપ્યા હતા. શ્રી શીતલનાથ ભગવાનને પાલીતાણાથી લાવી, શ્રી વાંકુ જૈન દેરાસરમાં પધારવવામાં આવ્યા હતા.

વાંકુથી તા. ૨૭.૦૨.૧૫નાં વાજતે ગાજતે શ્રી શીતલનાથ ભગવાનજી સામૈયું કરી પરજાઉ નગરે પ્રવેશ કરાયો હતો. તથા અણે બિરાજમાન અન્ય આઠ (૮) પ્રતિમાજીઓની ઉચ્ચાપન વિધી કરવામાં આવી હતી. અત્રે બિરાજમાન આઠ પ્રતિમાજી તથા પાલીતાણાથી આવેલ. શ્રી શિતલનાથ ભગવાન સહીથ કુલ (૯) પ્રતિમાજીઓનો નુતન દેવકુલીકામાં પ્રવેશ કરાયો હતો. વિધી વિધાનકાર અમદાવાદથી પધાર્યા હતા તથા શ્રી સુલતાનમીર સંગીતકાર માંડવીવાલાએ સારી રમઝટ જમાવી હતી. તથા પરમ પુજ્ય સાધ્વીજી મ.સા.શ્રી કાવ્યગુણાશ્રીજી પરજાઉ મહાજનશ્રીની વિનંતીને માન આપીઉગ્ર વિહાર કરી. નલીયાથી પધાર્યા હતાં. અમદાવાદથી પ્રમુખશ્રી ગુલાબભાઈ દંડ સજોડે તથાઅંજાર થી શ્રી હરેશભાઈ વિકમશી સજોડે પધાર્યા હતા તથા આજુબાજુનાં ગામો વારાપધર-વાંકુ-મોટીસિંધોડી વગેરે જગ્યાએથી સારી સંખ્યામાં હાજરી આપી હતી.

॥ શ્રી સચ્ચાય માતાજી નમઃ ॥

## શ્રી વરાડીયા (કચ્છ) મધ્યે બીરાજમાન દંડ પરિવારનાં કુળદેવી શ્રી સચ્ચાય માતાજીની મુંબઈ નગરે નવમી (૯) પહેડી પ્રસાદ નિમિત્તે ભાવભર્યુ આમંત્રણ

ખુશાલી પુર્વક જણાવવાનું કે કુળદેવી શ્રી સચ્ચાય માતાજીની અસીમકૃપાથી અને સૌ ભાવિકોના સાથ સહકારથી મુંબઈ નગરે શ્રી સચ્ચાય માતાજીની નવમી (૯) પહેડી પ્રસાદ નિમિત્તે આપ સૌ ભાવિકો તેમજ નીયાણી બહેનો સહપરિવાર પધારી.

**દર્શન-વંદન-ભક્તિ ભાવના પ્રસાદનો લાભ લેવા ભાવ ભર્યુ આમંત્રણ છે.**

**શુભ સમય :-** સવારનાં ૧૦.૦૦કલાકે થી ૧.૦૦ કલાક સુધી

**શુભ દિવસ :-** સવંત ૨૦૭૧ વૈશાખ સુદ ૮ ને રવિવાર તા.૨૬.૦૪.૨૦૧૫

**શુભ સ્થળ :-** પદમાવતી બેન્કવેટ હોલ, ૫ મે માળે, પ્રણવ કમર્શીયલ પ્લાઝા, શીવસેના ઓફિસની ઉપર, મહાત્મા ગાંધી રોડ, મુલુંડ (વેસ્ટ) મુંબઈ - ૮૦

**॥ નિમંત્રક ॥**

માતુશ્રી જયવંતીબેન હીરાચંદ જેઠાભાઈ દંડ (છાદુરા-મુલુંડ) પરિવાર કાંતીરોય ફોટો સ્ટુડિયો વાલા હસ્તે શ્રી લલીતભાઈ દંડ (૯૩૨૦૯૯૯૯૪) તથા શ્રી નરેન્દ્રભાઈ દંડ (૯૩૨૦૦૪૧૪૧૦)

**સંપર્ક**

શ્રી શરદભાઈ દંડ (સુરત) - ૦૯૬૩૮૩૨૧૬૯૦

શ્રી કાર્તિક દંડ (ડોંબિવલી) - ૯૮૨૧૩૩૬૮૩૩

શ્રી જયેશ દંડ (ઘાટકોપર) - ૯૯૨૦૩૪૯૩૦૬

શ્રી હીરેન દંડ (ઘાટકોપર) - ૯૩૨૩૪૩૫૩૩૯

નોંધ : પહેડી પ્રસંગે કાળા વસ્ત્રો પહેરીને આવવું નહીં કાળજી લેવા નમ્ર વિનંતી.

## ભોજન વિશે વધુ માહિતી - ૩

ડૉ. વીરચંદ લખમશી નાગડા MBBS. - Bom મો. 09757303562

હવે આપણે આપણા રોજીંદા આહારમાં ઉમેરવા જેવા તેમજ બાદ કરવા જેવા ખાદ્ય વિશે જાણી આપણા આહારને સુધારવાની કોશિષ કરીએ...

**અળશી**માં અલ્ફા લીનોલેનીક એસીડ ભરપૂર માત્રામાં હોય છે. જેનું ઓમેગા-૩ ફેટ્સમાં રૂપાંતર થાય છે. અળશીનું તેલ 'અન સેચ્યુરેટેડ' હોય છે, બહુ અનસ્ટેબલ હોય છે. અને જલ્દીથી ઓકસીડાઇઝ થાય છે કે માટે અળસીને વધુ પડતી ગરમ ન કરવી કે તડકામાં ન સુકવી. એની સુકી ચટણી બનાવી ઉપયોગ કરી શકો, ખાદ્ય પર છાંટી શકો. રોજની અળસી ૪ ચમચી લેવી-જેથી ખરાબ કોલેસ્ટ્રૉલ (LDL કોલેસ્ટ્રૉલ) લોહીમાં ઓછું થાય અને હૃદયની નસોમાં ચોકઅપ ન થાય. ઍટેક ન આવે તેના થી સાંધાના દુઃખાવા અને સંધીવાતમાં ફાયદો પણ થાય છે.

**મસૂર** (લેન્ટીલ્સ) ની દાળમાં ઓગળે નહીં એવા ફાયબર હોય છે જે કબજીયાત થવા નથી દેતા અને પાચનક્રિયા ઠીક થાય, પેટના ઘણા રોગ દૂર થાય, ''ડાયવરટીકુલોસીસ' નામનો પેટનાં રોગ થતો અટકાવે છે. મસૂરમાં ખૂબ પોષક તત્વો હોય છે, અશક્તિ દૂર થાય છે. દેશી ઘીમાં વઘાર કરી ડાળ લેવાથી આંખોની જ્યોતિ વધે છે. (હાઇ બી.પી., જાડાપણા, હૃદયરોગ, કોલેસ્ટ્રોલ, ટ્રાઇગ્લીસરાઇડ હાઇ હોય તેમણે ડૉક્ટરની સલાહ મુજબ ઓછું ઘી વાપરવું)

**મેંદા**માં પોષક તત્વો નહીંવત હોવાથી અને તે આંતરડામાં ચોટતું હોવાથી શરીરને નુકશાન કરે. મેંદાની બનાવટ - બ્રેડ, બિસ્કિટ, ખારી, પીઝા, કેક વગેરે આરોગ્ય માટે નુકશાનકારક છે. બાળકોને આવી મેંદાની વસ્તુઓની આદત ન પડે તે આપણે જોવું જોઇએ. તેના બદલે ઘરે બનાવેલ ગોળપાપડી. ચીક્કી, સક્કરપારા, ચક્રી, ગાંઠીયા ની ઉપયોગ સારો અને સૌથી ઉત્તમ રોટલી પર મધ કે બાજરીના રોટલા પર માખણ લગાવી નાસ્તામાં લેવું. મેદાના ઉપયોગને ટાળી, રવાનો ઉપયોગ વધારવો. રવામાં રહેલ ખનીજો, ફોસ્ફરસ, ઝીંક, મેગ્નેશીયમ, હાડકા અને નરવસ સીસ્ટમ માટે ખુબ સારો. રાજગરાની બનાવેલ ચીજો ખાવાથી શરીરને પુષ્કળ લાભ મળે છે. રાજગરાની વસ્તુઓ પ્રમાણમાં લેવી નહીંતો તેનાથી ગેસ થઇ શકે.

**ડ્રાયફ્રુટ** બારેમાસ મળે અને બારેમાસ ખાવા જોઇએ. થોડા મોંઘા હોય છે પણ દવા-ગોળીઓ પણ કયાં સસ્તી હોય છે? ડ્રાયફ્રુટ ખાઇ બીમારીથી જેટલા દૂર રહીશું કે બિમારી આગળ વધતી અટકશે; ગોળીઓ ઓછી લેવી પડશે, ટેસ્ટો ઓછી કરાવવી પડશે. બદામ, પીસ્તા, કાજુ, અખરોટમાંથી આપણને જરૂરી પ્રોટીન મળે છે. આ ઉપરાંત બધાજ પ્રકારના વિટામીન્સ, મિનરલ્સ મળે છે, જેનાથી પાચક રસો, હોર્મોન્સ, લોહી અને 'ન્યુરો ટ્રાન્સમીટર્સ' બને છે. શરીર નીરોગી રહે.

**કાજુ** ટેસ્ટી હોવાથી વધુ ખવાઇ જવાય છે. દરેક ડ્રાયફ્રુટ ૪થી ૫ જ ખાવા. **આખરોટ, બદામ** હાઇકોલેસ્ટ્રોલ, હૃદયરોગ, સાંધાની તકલીફમાં ઉપયોગી. કાજુ બદામ તળ્યા વગરના કે મીઠું-મસાલા લગાડ્યા વગરના જ ખાવા. કોલેસ્ટ્રોલ, હાર્ટના પેશન્ટે કાજુ ટાળવા. દરરોજ **કાળી કીસમીસ** બરાબર ધોઇ રાત્રે ભીંજવી સવારે ખાવાથી વિટામીન્સ, ખનીજ મળે સાથે પેટ પણ સાફ્ર આવે. **કિસમીસ લાલ, અંજીર** વગેરે પણ લેવાથી પુષ્કળ ફાયદા છે. ખજુરમાં પુષ્કળ ઓગળે એવા અને ન ઓગળે એવા ફાયબર હોવાથી પાચન સુધરે. દાંત ન હોય તેવી વ્યક્તીઓએ ડ્રાયફ્રુટ ભીંજાવીને ખાવા.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

શ્રી પ્રવિણભાઇ ટોકરશી લોડાયા (કોઠારા-ડોંબીવલી) ને શ્રી અચલગચ્છ જૈન સંઘ - ડોંબીવલીનાં પ્રમુખપદે વરણી બદલ અભિનંદન!!!
હાર્દિક શુભેચ્છાઓ
તન - મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

ડ્રાયફ્રુટ ખાવાથી મીઠી વસ્તુ ખાવાની તલપ ઓછી થાય છે. ડાયબીટીઝવાળા માટે સારા. નાસ્તાની જગ્યાએ આ ડ્રાયફ્રુટનો ઉપયોગ કરી શકાય. બહાર કામકાજ અર્થે બહાર રહેનાર પણ સાથે બેગમાં ડ્રાયફ્રુટ રાખી શકે અને બહારના બજારૂ ખોરાકને બદલે ડ્રાયફ્રુટ ખાઇ લેવા વધુ સારા.

દુધ બાળક માટેનો સંપૂર્ણ આહાર છે એવો શાસ્ત્રોકત મત આપણે માનીએ છીએ પણ આહાર લેતા બાળકને દુધની બહૂ આગ્રહ ન કરવો રોજના ૨ ગ્લાસ દુધ પીએ તો પણ પુરતું. આમેય શુધ્ધ ચોખ્ખું દુધ આપણને મળે છે કે તે પ્રશ્ન છે. દુધાળુ પ્રાણીઓને હાર્મોન્સના ઇન્જેક્શનો અપાય કે દુધનાં પાવડરમાંથીજ દુધ બનાવી. ૩-૪ દિવસે આપણને મળે. તેમાંય ભેળસેળ થઇ હોય તે અલગ. આવું દુધ કેટલું ફાયદાકારી? દૂધ ઘણી વસ્તુઓં સાથે લેતાં વિરુધ્ધ આહાર પણ બને છે.

દહી, છાશ આંતરડા માટે ઉત્તમ છે. છાસ આંતરડાનું ટોનિક છે. આંતરડાની પેટની ઘણી બિમારીઓ છાસના નિયમિત ઉપયોગથી સારી થાય છે. નોર્વે-સ્વિડનના લોકો દુનિયામાં દીર્ઘાયુ છે તેનું કારણ તેઓ દહી યોગર્ટનો નિયમિત ઉપયોગ કરે છે. દહી-યોગર્ટમાં જીવંત બેકટેરીયા હોય જે આંતરડા પાચન માટે સારા અને મોઢાની શ્વાસની ખરાબ વાસને દુર કરે છે.

ઘણાને પેટ સાફ ન થતું હોય તો વારંવાર જુલાબ લે છે, તે આરોગ્ય માટે સારું નથી, તેનાથી આંતરડા કમજોર થાય છે. યોગ્ય સમયે યોગ્ય પૌષ્ટિક, રેષાવાળા શાકભાજી, ફળો સલાડ ભોજનમાં લઇએ.

યોગ્ય પ્રમાણમાં પાણી-૮ થી ૧૦ ગ્લાસ લઇએ, કસરત કરવી, હલનચલન - ઘરના કામકાજ કરીએ અને મનને શાંત રાખીએ. તો પાચન બરાબર થશે. અને પેટ સાફ થશેજ. છતાં પેટ સાફ માટે દરરોજ રાત્રે પાંચ કાળીદ્રાક્ષ રાત્રે ભીંજવી સવારે ખાવાથી પેટ સાફ થશે.


શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની

સંપર્ક : 08879677709


એરંડિયા તેલમાં હરડેને સેકી, પાવડર કરી રોજ લેવું સર્વોત્તમ છે. સવારના ઉઠતાંવેત નવસેકા ગરમ પાણી પીવાથી પણ પેટસાફ માટે ઉપયોગ બને છે.

સાકર અને સાકરની વસ્તુઓ ટાળવી જોઇએ. સાકર માં પોષક તત્વો બિલ્કુલ નથી. ફક્ત મીઠાશ અને તરતજ શક્તી મળે પણ બીજી આરોગ્યને નુકશાન મ્હોંશાડે એવી ઘણી ખરાબ અસર સાકર લેવાથી થાય છે.

**ગોળમાં** લોખંડ ખનીજ વિટામીન્સ હોય છે. ગોળ કુદરતી રીતે સાફ કરવાની ખાસિયત ધરાવે છે, તેથી પાચનની તકલીફો દૂરથાય છે. તેથી ગોળનો ઉપયોગ કરવું સારું પણ ગોળ કેમિકલ્સફ્રી હોવું જોઇએ તો ઉત્તમ. પણ ડાયબિટિઝ હોય તેમણે બિલકુલ ન લેવું.

સવારનો નાસ્તો જરૂર કરવો જોઇએ, બલ્કિ બરાબર રાજાની જેમ જમવું જોઇએ ઘણા વજન ઘટાડવા માટે સવારનો નાસ્તો નથી કરતાં પણ સવારના ન ખાવાથી શરીરમાં અશક્તિ, થાક, વિટામીનની કમતરતા વગેરે થઇ શકે. વળી સવારના નાસ્તો જરૂર કરો જેથી કામકાજમાં સ્ફૂર્તિ રહેશે, ઉત્સાહ રહેશે.


**ઝવેરી બજારની**

**JE જ્યોતિ**

**હવે માટુંગા (સેન્ટ્રલ રેલ્વે) માં પણ...**

**જ્યોતિ ઝવેરી બઝાર ખાતે**

**સ્ટૉક ક્લીયરન્સ સેલ**

**શનિવાર તા. ૭ માર્ચથી ભારે છુટ**

**UPTO 50%**

જ્યોતિ સાડી ઝવેરી બઝાર લાવે છે

**Special Offer આપના માટે**

**કસબ-બટકસબ-પીયવર્ક-જીકસબ**

**હેન્ડ. મશીનવર્ક પારસી સાડીઓ**

**ચણીયા ચોળી રીયલ-ટેસ્ટેડ ઘરચોળા**

**પાનેતર - બાંધણીઓ તથા ફેન્સી**

**સાડીઓના રેડી સ્ટૉક પર ભારે વળતર**

134/136, 2nd Floor, Above Khadi Bhandar,
Opp. Khara Kuwa, Mumbai - 400 002
Phone : 22402786 / 22413995

કાંઇપણ ખાધાપછી કોગળા જરૂર કરવા જોઇએ. સાદો ખોરાક પણ દાંતમાં ભરાઇ સડો પેદા કરેં જે દાંતને બગાડે અને સડેલા અનાજના એક એક કણમાં હજારો બેંકટેરીયા શરીરમાં રોગો ઉત્પન્ન કરી શકે, માટેજ ખાધા પછી મોં અને દાંતની સફાઇની કાળજી લેવી જોઇએ.

**લીબું** અને બીજા ફળોમાં સાઇટ્રીક ઍસીડ હોય છે તેથી દાંતના ઇનેમલને નુકશાન કરશે તેથી ફ્રુટ ખાધા પછી પણ વગર ભુલે કોગળા કરીએ અને આવીજ બાળકોને પણ દાંતની કાળજીની ટેવ પાડીએ.

જંકફુડમાં કુત્રિમ રંગ તેમજ તેને સાચવવા કેટલાક રસાયણ (પ્રિઝરવેટીવ) નાખ્યા હોય છે જે ઝેર જેવા, તેનાથી કેન્સર પણ થઇ શકે, તેમાં પ્રોટીન, વિટામીન્સ, મિનરલ્સ કે ફાયબર હોતા નથી તેથી આરોગ્ય માટે નુકશાનકારક. તેમાં વિપુલ માત્રામાં સંધીવાત, કબજીયાત, દાંતની તકલીફ અને થકાવટ થાય છે. બાળકો માટે જંકફૂડ મોટો ખતરો છે. સૌ માટે તે ધીમું ઝેર છે.

અર્જુનછાલ, હળદર, તજ અને જામફળ વધારેમાં વધારે એન્ટીઑકિસક્ટ વાળા પદાર્થ છે તેનો ઉપયોગ વધુ કરવો. મેથી માં રહેતા રેસા, ગ્લુકોઝ અને કોલેસ્ટ્રોલનું પ્રમાણ ઘટાડવા માટે ચડિયાતા સાબિત થયા છે. મગ, મઠ ઘણાજીરૂં અને એલચીમાં પુષ્કળ રેષા હોય છે આવા વધારે રેષાયુક્ત પદાર્થથી કોલેસ્ટ્રોલ, ગ્લુકોઝ અને કાર્બોહાઇડ્સનું શોષણ ધીમું થાય છે. જે શરીરને ફાયદાકારક.

ફોર્ટીજ હૉસ્પીટલના ડૉ. અનિલ હેરૂર નું કહેવું છે કે ખાવાપીવાની હાલની આદતો ને લીધે કેન્સરનું પ્રમાણ હાલ ખુબ વધ્યું છે. ફાસ્ટફૂડનો વધુ ઉપયોગ અને શાકભાજી-ફળ-ઓછા ખાનારને કેન્સરનું રિસ્ક વધુ છે. સાયન હૉસ્પીટલના ડૉ.ગીતા ધાગનું પણ એમજ કહેવું છે કે ખાવા પીવાની આદતો બદલાઇ છે, ફાયબરવાળો ખોરાક (શાકભાજી-ફળો) ઘટ્યો છે એટલે કેન્સરનું પ્રમાણ ૨૦થી ૩૦ વર્ષની વયમાં પણ વધ્યું છે.

મદ્યપાન ધુમ્રપાન તમાકુ, ગુટકા, માવા જેવા વ્યસનથી બીજી બરબાદી, શરીરની હાનિ સાથે પાચન બગડે છે. અધિક ચા-કોફી પણ આદત બનશે અને પાચન બગાડશે. વધુ પડતા સ્નિગ્ધ - તળેલા પદાર્થો નુકશાનકારક છે. ક્યારેક પ્રમાણસર, ડૉક્ટરની સલાહ પ્રમાણે લઇ શકો. શિયાળામાં પાચન સારું હોય છે તેથી અડદિયાપાક, તલની ચીકી, કચરિયુ વગેરે જો હાઇ બી.પી. ડાયબિટીજ, જાડાપણુ, હ્દયરોગ ન હોય તો લઇ, શક્તિ સ્ફુર્તિ મેળવી શકીએ.

ઢોકળા, ગાંઠિયા, ભજીયામાં સોડા વધુ હોવાથી શરીરને સોડિયમ વધુ મળે છે જે હાઇ બી.પી., હૃદયરોગ કે કિડનીની સમસ્યા કરી શકે, અને હાડકા નબળા પડે છે. સોડા, આહારમાં રહેલ આયર્ન અને વિટામીન બી નો નાશ કરે છે. સોડાનો ઉપયોગ ટાળીએ.

રોજ લેવા જેવા ખાદ્ય - દુધ, દહીં, છાસ, લીલ ચા, સિઝન મુજબના ફળ-સફરજન, દાડમ, દ્રાક્ષ, કાંદા, લસણ, ફણગાવેલા કઠોળ ખાસ કરીને મગ, ટમેટાં, બોકોલી, ચોળી, વટાણા, સરગવો, મગફળી ગુવાર વગેરે શાકભાજી અને સુકોમેવો.

એકાસણું અને ઉપવાસ કર્યાથી પાચનક્રિયાના અવયવોને આરામ મળે છે, શુદ્ધ થાય છે. ન્યુઝીલેન્ડના આર્ટગો યુનિર્વસીટીના સંશોધકોએ ૨૮૧ યુવાનો સાથેનું સળંગ ૨૧ દિવસ નો પ્રયોગ કર્યો અને જણાયું કે આહાર અને મૂડ મે ઘનિષ્ટ સંબંધ છે. ફળ, શાકભાજી, પાંદડાવાળી ભાજી (શાકાહારી નું પ્રમાણ જેટલું વધારે તેટલો વધારે સારો મૂડ, સકારાત્મક વિચાર અને શાંત, આનંદ ઉર્જા સંપન્ન રહી શકે છે. આજ વાત પ્રાચીન ઉપનિષદમાં કહી છે.

આ રીતે યોગ્ય સમયે યોગ્ય પૌષ્ટિક ખોરાક લઇ, પચાવી, નિરોગી, આનંદી, સ્ફુર્તિમય જીવન જીવીએ.




## ABDASA (KACHCHH) GAUSHALA TRUST



**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

## પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### ભાંડુપ નવકાર મણકા

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજનશ્રી દ્વારા શ્રી જયંત રાહી મારફત અનંતસિધ્ધિના એ.સી.હોલમાં ૧૭ મો મણકો ભારે ઉલ્લાસે સંપન્ન થયો સહયોગી દાતાશ્રી અ.સૌ.મધુબેન લહેરચંદ ડાઘા હતા. ફાઈવ સ્ટાર્સ કેટરીંગે ૬૫૦ ભાવિકો જોડાયા નવકારશીનો લાભ લીધો.

૧૬મા મણકાનો લાભ સ્વ.શ્રી જયાબેન અને નવીનચંદ્ર કલ્યાણજી (અરિહંત બેંકવાળા) ના નામે પુત્રવધુ શ્રી વર્ષા જયેશ છેડા સહપરિવારે લીધોહતો. ૬૫૦ ભાવીકો હાજર રહી નવકારશીનો લાભ આપ્યો.

મુમુક્ષુ કુ.હેતલ મણીલાલ ખોના સાંધવવાળાની દીક્ષા ૨૪ મે ના થશે.

### વડોદરામાં શ્રી સચ્ચામાના ની સમુહ પહેડી

વડોદરાના શ્રી સચ્ચામાના ભાવિક પરિવારો દ્વારા ૨૨મી સમુહ પહેડી રવિવાર તારીખ : ૦૧.૦૨.૨૦૧૫ના ઉજવાઈ. પૂ.માતાજીની ભવ્ય શોભાયાત્રા વાજતે ગાજતે નીકળી અચલગચ્છ ભવનમાં પધરામણી સ્થાપના બાદ માતાજીની ભક્તિ-ધુન-ગરબા. ૧) પી.માતાજીને પધારવાનો તથા સ્થાપના કરવાનો લાભ : હીરાચંદ દામજી વિકમશી ૨) માતાજીને પોંખવાનો લાભ : કિશોર કલ્યાણજી લોડાયા ૩) જુવાર ધરાવવાનો લાભ : નેમચંદ ખીમજીગડા ૪) શાંતીલાલ કલ્યાણજી લોડાયા ૫) આરતીનો લાભ : ભરત ચત્રભોજ લોડાયા પૂ.માતાજીની ધુન તથા ગરબામાં શ્રીમતી અંજનાબેન શાહ સુરાવલી ગ્રુપે રમઝટ જમાવેલ.

કુલ ૩૫૦ની સંખ્યામાં ભાવિકો તથા નિયાણી બહેનો પહેડીનો લાભ લીધો પહેડીનું સંચાલન કિશોર ધુલ્લા ધનજી ગડા, ખુશાલ ગડા, હસમુખ ગડા તથા દિલીપ ગડાએ કર્યુ.

### અમદાવાદમાં એક્યુપ્રેશર વિશે કાર્યક્રમ

૧૬.૦૨.૧૫ના શ્રીમતી વર્ષાબેન લલિત છેડા કોઈ પણ ચાર્જ લીધા વગર એમણે સરળ ભાષામાં


**CREATIVE CRAFT SPECIAL FOR PAPER QUILLING**

**કાગળને કલાત્મક રીતે વાળીને આકાર આપતા શીખો.**

Basic & Advance Courses • બેઝીક અને એડવાન્સ કોર્સીસ

Vacation & regular Batches • વેકેશન અને રેગ્યુલર બેચેસ

**Indupama Kiran Dand - ઈન્દુપમા કિરણ દંડ**

**98197 13936**



**શ્રી કચ્છી દશા ઓંશવાલ પરિવારો માટે ખુશ ખબર**

Authentic & Quality Food is our Main Motto

Bhalara Caterers

Flavors to share

Catering for all ages and taste...

Customer's satisfaction is our profit

Dipesh C.Momaya (Varadia)

M. 98197 53161

D-65, Anant Sidhi, Opp. Kukreja Complex, 107, L.B.S. Marg, Bhandup West, Mumbai - 400 078.

Email : bhalaracaterers@gmail.com



Since 1984...

**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

**જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.**

**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ

એક્યુપ્રેશર વિશે જાણકારી આપી તથા પ્રેક્ટિકલ પોઈન્ટસ કરીને બતાવેલ.

### શ્રી ભલારા ભક્તિ મંડળ,હૈદ્રાબાદ

હૈદ્રાબાદમાં શ્રી ભલારા દાદાસમુહ પાઠ તથા પ્રસાદીનું આયોજન ચૈત્રી પૂનમ શનિવાર ૪ એપ્રિલ ૨૦૧૫ ગૌધુલી વેળાએ શ્રી કચ્છી ભવન રામકોટ હૈદ્રાબાદ મુકામે રાખવામાં આવેલ છે.

સંપર્ક : શ્રી ગુલાબચંદ પદમશી મોતા : ૯૪૪૦૧૪૦૪૫૬ શ્રી લહેરચંદ ટોકરશી લોડાયા : ૯૨૪૬૫૩૧૦૬૬ શ્રી હંસકુમાર રાયચંદ સાયલા : ૯૨૪૬૫૩૨૫૪૫

### શ્રી ક.દ.ઓ. મહિલા મંચ, અમરાવતીની કાર્યવાહક સમિતિ

પ્રમુખ : વિમલાબેન છેડા, ઉપપ્રમુખ : દમયંતીબેન ધરમશી, માનદ મંત્રી : કલ્પના જીવાણી, ખજાનચી : ધનલક્ષ્મીબેન નાગડા. સભ્યો - ચેતના મોતા, યોગીતાબેન નાગડા, લક્ષ્મીબેન દંડ, કવિતા લોડાયા, પલ્લવી ધુલ્લા, વિદ્યા ધરમશી અને સૌ વૈશાલી ધરમશી.

### ફાગણી તેરસ

ભાંડૂપમાં ફાગણી તેરસ નિમિતે પ.પૂ.સા.શ્રી સંયમગુણાશ્રીજી (મા.શ્રી) ના. મ.સા. આદી ઠાણાઓની નીશ્રામાં ૧૪૦ ભાવીકોએ શત્રુંજય તીર્થ પટના દર્શન. વંદન અને ક્રિયા કરી આશ્રી. સયંમગુણાશ્રીજી મ.સા.એ મન ભાવના ભાવયાત્રા કરાવી. ફાઈવ સ્ટાર્સ કેટરીંગે પ્રભાવના આપી નવકારશી કરાવી.

### શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ વડોદરા

પૂજ્ય આચાર્ય શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદીઠાણા તા. ૧૦-૩-૨૦૧૫ના શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ વડોદરા માં પધાર્યા. નવકારશી સંઘ પ્રમુખશ્રી ઠાકરશી પદમશી પનપારીયો ને ત્યાં લાભ આપ્યો. ભવ્ય સામૈયામાં કદઓ ના સાધર્મિક શ્રાવક-શ્રાવિકાઓએ બહોળી સંખ્યામાં જોડાયા. શ્રી વિમલનાથ જિનાલયમાં દેવ-દર્શન બાદ શ્રી કેડીઓ ભવનમાં સારબેથી વાણીનો લાભ લઇ ધન્યતા અનુભવી.

સમાજના ટ્રસ્ટી શ્રી નરેન્દ્રભાઇ મોમાયા એ પુજ્ય શ્રી મહારાજ સાહેબ પરત્વે સંઘ તરફથી આભાર વ્યક્ત કર્યા.

### શ્રી ક.દ.ઓ. જૈન એકતા મહિલા મંડળ ગાંધીધામ

ગાંધી ધામનાં ક.દ.ઓ.જૈન એકતા મંડળ દ્વારા 'સ્વાઇનફ્લૂ વિષે એક સમજ' સેમીનાર નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્ટર્લીંગ રામકૃષ્ણ હૉસ્પિટલ સાથે સંકળાયેલા ડૉ. મધુકાન્ત ધરમશી એ ખુબ જ સરળ શૈલીમાં સ્લાઇડ શે-પાવર પૉઇન્ટ પ્રત્યક્ષી કરણ સાથે, 'સ્વાઇન ફ્લૂ' રોગ વિશે સમજણ પુરી પાડી. મંડળના પ્રમુખ મીનાબેહેન લાલકાએ સૌનુ સ્વાગત અને પિંકી મૈશેરીએ આભાર વિધિ કરી. કાર્યક્રમનું સંચાલન દિપ્તી ધરમશીએ કર્યું. મીનાબેન અને મહેશ લાલકાએ માળા અને શાલથી ડૉ. મધુકાન્ત ભાઇ નું સન્માન કર્યુ. ભાઇઓ બહેનોએ સારી સંખ્યામાં હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવવા લતાબેન નાગડા, તરલાબેન ધરમશી, મૃદુલા નાગડા, સેજલ મોમાયા વેગેરે કારોબારી સભ્યોએ જહેમત ઉઠાવી.

### શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઇ

શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઇ દ્વારા તા. ૮-૩-૨૦૧૫ રવિવારના આયોજિત યાત્રા-સહ-પિકનીકમાં મંચના સભ્યો તથા તેમના કુટુંબીજનો, સહિત ૪૦ યાત્રિકો જોડાયા હતા. એક દિવસાય પ્રવાસમાં મુલુંડ, લોઢાધામ, કામણ તીર્થ, મહાવીર ધામ, પ્રતાપ સુષ્ટી ધામ, નાકોડા ધામ, ધર્મધામ, વાગડ ગુરૂકુલ તથા અગાસીના જિનાલયો તથા અરનાલા બીચને આવરી લેવામાં આવ્યા.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

નવકારશીની લાભ સૌ. પ્રેમીલા રતીલાલ દંડે લીધેલ. મંચ તરફથી સૌ. મધુબાલા લહેરચંદ  રતનશી ડાઘાનું તેમનાં પતિને કીડની દાન આપવા બદ્દલ તથા મંચના કમીટી મેમ્બર સૌ. ચિત્રલેખા પદમ લાલજી લોડાયાનું ધાર્મિક ત્રીજા ધોરણમાં ડોંમ્બીવલી કેન્દ્રમાં ૧૦૦ ગુણાંક મેળવી પ્રથમ આવવા બદ્દલ સન્માન કરાયેલ. મંચના તરફથી મેમ્બર સહીત યાત્રિકોએ સંઘપુજન, ચા-પાણી રસ, છાસ, પીપર-બિસ્કિટ, કીસમીસ, ચીકી વગેરેની પ્રભવાનાનો લાભ લીધેલ.

### ગોએરસમા-બારાઈ મદ્યે ધ્વજા મહોત્સવ.

પ.પૂ.સા.શ્રી જ્યોતિકળાશ્રીજી મ.સા. આદિઠાણા બેની પાવન નિશ્રામાં અને નવકાર મંત્ર આરાધક સુશ્રાવક શ્રી નરેન્દ્રભાઇ નંદુના વિધિ વિધાન એવમ માર્ગદર્શન હેઠળ લગભગ ૧૦૦ થી વધુ સંખ્યાની હાજરીમાં તા. ૦૫-૦૩-૨૦૧૫ ના અઢારઅભિષેક અને તા. ૦૭-૦૩-૨૦૧૫ ના સત્તરભેદી પૂજા સાથે પુનઃપ્રતિષ્ઠાબાદ આઠમી ધ્વજારોહણનો મહોત્સવ ખુબજ ધામધુમપુર્વક અને ઉત્સાહભેર ઉજવાયેલ.

બારોઇના કાયમી ધ્વજારોહણાના લાભાર્થીદાતા શ્રી કાંતિલાલ ખીમજી ગોસર (બોરાઇ) મુંબઇવાળા પરિવાર અને ગોસેરસમાના ધ્વજા રોહણના લાભાર્થીદાતા માતુશ્રી દમયંતીબેન જવેરચંદ ધનજી ડાધા (ગોસરસમા) ગુલાબપુરાવાળા પરિવાર રહેલ.

મહોત્સવ ફંડના લાભાર્થીદાતા શ્રી દેવશી કચરા ડાઘા પરિવાર, શ્રી ઠાકરશી રણશી ગોસર પરિવાર, શ્રી કાંતિલાલ ખીમજી ગોસર પરિવાર, શ્રી ધનપતિ કુંવરજી મોમાયા પરિવાર, શ્રી દામજી શામજી પોલડીયા પરિવાર, શ્રી અશોક લાલજી પોલડીયા પરિવાર, શ્રી દામજી કાનજી મોમાયા પરિવાર, શ્રી ભુપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા પરિવાર, શ્રી શ્રેણીક નરશી મોમાયા પરિવાર રહેલ.

શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

બન્ને ગામના જિનાલયોના વાર્ષિક (૨૦૧૫/૧૬) નિભાવ માટે રહેલ પાડતા એક દિવસના રૂા. ૧૦૦૦/- પ્રમાણે સાધારણ ફંડ માટે લાભાર્થીદાતા પરિવારો ૫૦ દિવસ માટે ઠાકરશી રણશી ગોસર પરિવાર. ૩૦ દિવસ માટે માતુશ્રી હીરાવંતીબેન ચિમનલાલ મોમાયા પરિવાર, માતુશ્રી મણીબાઇ કાંતિલાલ ગોસર પરિવાર, માતુશ્રી લતાબેન લક્ષ્મીચંદ દંડ પરિવાર, ૧૮ દિવસ માટે શ્રી વાલજી દામજી ગોસર પરિવાર, ૧૧ દિવસ માટે શ્રી દામજી કાનજી મોમાયા પરિવાર, શ્રી શ્રેણીક નરશી મોમાયા પરિવાર, શ્રી જવેરચંદ ધનજી ડાઘા પરિવાર, ૧૦ દિવસ માટે શ્રી અશોક લાલજી પોલડીયા પરિવાર, શ્રી ભુપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા પરિવાર, શ્રી અમરચંદ હંસરાજ ડાઘા પરિવાર, શ્રી દેવશી કચરા ડાઘા પરિવાર, શ્રીમતી લેખાબેન ધનપતિ મોમાયા પરિવાર.

### સેંધવા મદ્યે ધ્વજા મહોત્સવ.

સેંધવામાં ૨૭/૨/૨૦૧૫ ના ૨૫ મી ધ્વજા મહોત્સવ ધામધુમપુર્વક ઉજાવાયેલ. કાયમી ધ્વજાના લાભાર્થી દાતા શ્રી દામજી કાનજી મોમાયા (બોરાઇવાળા) પરિવાર ના શ્રી ચિમનલાલ દામજી મોમાયાના નિવાસ સ્થાનથી સવારે સંઘ સાથે વાજતે ગાજતે ધ્વજા દેરાસરમાં લઇ આવ્યાં. અઢાર અભિષેક, તથા સત્તરભેદી પુજા વિધિ વિધાન ઉલ્લાસભેર કરવામાં આવેલ.

સ્વ.શ્રી. ચિમનલાલ દામજી મોમાયાની દ્વિતિય સ્મૃતિમાં શ્રી શ્વેતાંબર મુર્તિપૂજક જૈન સંઘના “પ્રેરણા વહુ મંડળ”ના અંતરગત શ્રી લહેરચંદ ચિમનલાલ મોમાયા (જૈન મેડિકલ) ના સૌજન્ય શ્રી જૈન સમાજની ડીરેક્ટરીનું’ વિમોચન શ્રી પ્રવિણચંદ્ર દામજી મોમાયા દ્વારા કરવામાં આવેલ. જેમાં સમાજના સર્વે સદસ્યોના નામ, સરનામ, ફોન નં., મોબાઇલ નં. એવમ સંખ્યાનો ઉલ્લેખ છે.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સાડીઝ
• સાચી/ટેસ્ટેડ કસબ અને ઝાંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
• રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.
૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૩૯
સંપર્ક : દિનેશ દેઢિયા
92234 25676

**નવા/બદલાયેલા સરનામા–** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **રાયચંદ વિસનજી લોડાયા** | એ-૧, જયંતી બિલ્ડીંગ, ગાર્ડન એવેન્યુ લેન, ૬૦ ફીટ રોડ, મહારાષ્ટ્ર બેંકની સામે, ઘાટકોપર (પૂ) મુંબઈ - ૪૦૦ ૦૭૭ |
| **કીર્તિકુમાર નેણશી મોમાયા** | એ/૫/૧૫૩, ઓરકીડ ગ્રીનફિલ્ડ, એપલવુડસ્ ટાઉનશીપ, ૨૦૦ ફીટ, એસ.પી.રીંગ રોડ, શાંતિપુરા સર્કલ, અમદાબાદ - ૩૮૦ ૦૫૮ |

## નવા/બદલાયેલા ફોન નંબર

**લીના લોડાયા** **09769411010**

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.૦૨.૧૫ | ડોંબિવલી | અક્ષરા-રૂપલ/કર્ણીક જીતેન્દ્ર ધમરશી | મંજલ-રેલડીયા | પુત્રી |

### આતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮.૦૩.૧૫ | મુંબઈ | મિહિર દિલીપ મોતા | સુથરી | - |
| | મુંબઈ | આકાંક્ષા પ્રવિણકુમાર શ્રીવાસ્તવ | લખનઉ | - |

### આતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮.૧૨.૧૪ | મરીબ ડ્રાઈવ | ક્રિષ્ણા પરેશ શાહ | પોરબંદર | ૨૭ |
| | લાલબાગ | પ્રિયંકા હિરેન દંડ | સુથરી | ૨૬ |
| ૦૯.૦૨.૧૫ | જલગાંમ | અંકીત દિનેશ ઝવેરચંદ મોમાયા | બારોઈ | ૨૭ |
| | દહીસર | ધરા ગિરીશ મુલજી ઘુંટલા | ભાપાબંદર | ૨૫ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧.૦૩.૧૫ | ડોંબિવલી | લક્ષ્મી ભાવેશ પીર (લોડાયા) | સુથરી | ૪૦ |
| ૧૨.૦૩.૧૫ | અમદાવાદ | પુરબાઈ રતનશી તેજપાર મોતા | લાખણીયા | ૮૦ |
| ૧૪.૦૩.૧૫ | સોલાપુર | હેમંત ખીમજી કુંવરજી વિકમશી | વારાપધર | ૫૬ |
| ૧૪.૦૩.૧૫ | ખામગામ | નયના ભરત નાગડા | તેરા | ૬૦ |
| ૧૫.૦૩.૧૫ | ડોંબિવલી | કુંવરજી ખીમજી ડાઘા | દલતુંગી | ૮૫ |
| ૧૭.૦૩.૧૫ | હુબલી | તિલકચંદ જીવરાજ રતનશી લોડાયા | જખૌ | ૬૧ |
| ૧૯.૦૩.૧૫ | થાણા | ગીના મૃગેન લક્ષ્મીચંદ નાગડા | નલીયા | ૫૪ |

## પરદેશ માટે પ્રકાશ સમીક્ષાનું વાર્ષિક લવાજમ

પોસ્ટ ખાતા તરફથી મળેલ રાહત અંગેની શરતો મુજબ, દર સપ્તાહે દેશભરમાં પ્રકાશ સમીક્ષાની ૭૦૦૦ જેટલી નકલો પોસ્ટ કરતી વખતે વિદેશના ગ્રાહકોને પણ આવરી લઈને અંકો પોસ્ટ કરી શકાય પોસ્ટ ફીનો દર પ્રત્યેક અંક માટે રૂા. ૩૫ થી રૂા. ૪૦ જેટલો હોતાં પરદેશ માટે વાર્ષિક લવાજમ રૂા. ૨૫૦૦/- (બે હજાર પાંચસો) રાખવાનો નિર્ણય લેવાયેલ છે, તેની નોંધ લેવા વિનંતી.

# કે.ડી.ઓ. ગરિમા ગ્રુપ





સંપૂર્ણ મુંબઈના ગુજરાતી સમાજના
પ્રતિષ્ઠિત એવોર્ડમાં
શ્રી બીપીન પાશ્વીર નાગડા
એ ગિરનાર એવોર્ડ પ્રાપ્ત કરી
આપણી ક.દ.ઓ. જ્ઞાતિની
ગરીમા વધારી છે.
શ્રી કે.ડી.ઓ. ગરીમા ગ્રુપના
અભિનંદન અને શુભેચ્છા !

ઇન્સ્યુરેન્સ ક્ષેત્રે
ઉત્કૃષ્ટ કાર્ય બદ્દલ
ગિરનાર એવોર્ડ
પ્રાપ્ત કરતા
શ્રી બીપીન નાગડા

**બૃહદ મુંબઇ ગુજરાતી સમાજ**
**ગિરનાર એવોર્ડ - ૨૦૧૫**
**શ્રી બીપીન પાશ્વીર નાગડા**
**(રંગપુર-મુલુન્ડ)**

## શ્રી અચલગચ્છ જૈન સંઘ-ડોંબિવલી

**ટ્રસ્ટ બોર્ડ કાર્યકાળ ૨૦૧૫-૨૦૧૮**

## શ્રી પ્રવિણ ટોકરશી લોડાયા

(કોઠારા-ડોંબિવલી)
પ્રમુખ પદે નિમણુક થયા બદ્દલ
શ્રી કે.ડી.ઓ. ગરીમા ગ્રુપના
હાર્દિક અભિનંદન અને શુભેચ્છા



**શ્રી પ્રવિણ ટોકરશી લોડાયા**
**(કોઠારા-ડોંબિવલી)**

## લગ્ન સંબંધી



**ડૉ.તેજશ શાહ**
M.B.B.S.

ડૉ.તેજશ શાહ (એમ.બી.બી.એસ.) **શ્રીમતી નિર્મલા અને શ્રી દીપક શાહના સુપુત્ર,**
• **શ્રી ઉમરશી હંસરાજ શાહ (શિયાડ)** (જખૌ-ધમતરી) ના પૌત્ર
હાલ મહારાષ્ટ્રમાં કામ કરે છે. • **જાન્યુઆરી ૧૯૯૧માં રાષ્ટ્રીય બહાદુરી એવોર્ડ વિજેતા**
જન્મ તા. ૦૨.૦૩.૧૯૮૬ સમય સવારે : ૭.૫૬ કલાકે, ધમતરી
**સંપર્ક :** ભુપેન્દ્ર શાહ મો.: 09425212449 • રાજુલ ભુપેન્દ્ર શાહ મો.: 08871316543
• ઘરનો ફોન નં.: 07722233514 • ખુશાલ રતીલાલ સોની (બેંગલોર)ના ભાણેજ - 0994555849

## પ્રવચન પ્રભાવક પુ. મુનિશ્રી દેવ રત્નસાગરજીના સ્મૃતિ ગ્રંથ માટે લેખ



અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.ગુણસાગર સુરીશ્વરજી મ.સા.ના. સુશિષ્ય પ્રવચન પ્રભાવક પ.પૂ. મુનિરાજશ્રી દેવરત્ન સાગરજી મ.સા. ને કાળ ધર્મ થઈને ૧ વર્ષ પૂર્ણ થવા આવ્યુ. પુજ્યશ્રીની વાર્ષિક પણ્યતિથી ૧૭ મે થી ૨૧ મે ઘાટકોપર જિરાવલ્લા દેશસરમા ઉજવાશે. પુજ્યશ્રીના સ્મૃતિગ્રંથનૂ કામ ઝડપથી ચાલી રહ્યું છે... આપ સહ પુજ્યશ્રીથી જોડાયલા હો તો પૂજ્ય શ્રી માટે ટુંકો સંદેશ લખીને ગુણાંજલિ આપશો. લેખ લખીને ૧૦ એપ્રીલ સુધી શ્રી આર્ય-જન-કલ્યાણ કેન્દ્ર ૧૦૩/૧ લા માળે, મેઘરતન બિલ્ડીંગ, દેરાસર લેન, તિલક રોડ, ઘાટકોપર - (પૂર્વ), મુંબઇ - ૪૦૦ ૦૭૭,
ફોન નં. : ૦૨૨-૨૫૦૧૧૭૮૮. ખાતે મોકલવા વિનંતી.

# આદરાંજલિ અને ભાવવિભોર શ્રદ્ધાંજલિ



## શ્રેષ્ઠીવર્ય શ્રી. રાયચંદ હંસરાજ ધરમશી (સુથરી-વરલી)

**અરિહંત શરણ તા. ૦૩-૦૩-૨૦૧૫**

સુશ્રાવક બની લક્ષ્મીનો કર્યો સદુપયોગ તમે !
‘સોનરાય પ્રસાદ’ નામે કાંચનું દેરાસર સ્વદ્રવ્યે બંધાવ્યું તમે!
સોનથરી સુથરીની મહાજનવાડીની કાયાપાલટ કરી તમે!
સાધુ સાધ્વીઓ માટે ત્રણ-ત્રણ જ્ઞાનાશિબિરોનું આયોજન
ધૃતકલ્લોલ દાદાના દરબારે કર્યો તમે!
સુથરી વાસીઓ માટે રહેઠાણ સંકુલ તૈયાર કર્યું તમે!
બાળકોના જ્ઞાન તથા ધર્મ સંસ્કારો માટે દરવર્ષે પાલીતાણામાં જ્ઞાનશિબિરો યોજી તમે!
જૈન સમાજ માટે દાનની ગંગા વહાવી તમે !
કે.ડી.ઓ. સમાજના રહેઠાણો બાબત ચિંતા કરી તમે !
અને, પુણ્ય ભાથું બાંધવા અમીર બન્યા તમે !
એક પંછી આવીને અનંત યાત્રામાં ઉડી ગયો !
એક તેજસ્વી સીતારો ઝબુકયો ને તેજ લીસોટા છોડી ગયો !
લક્ષ્મીપતિ હોવા છતાં લક્ષ્મીનો વિલાસ ન માણ્યો તમે !
લક્ષ્મીને સદમાર્ગે વાળવાનો સંદેશો આપ્યો સમાજને તમે !
કોઇપણ જાતનો મોહ રાખ્યા વિના તન-મન-ધન થી ભાગ લીધો તમે!

**એવા સુશ્રાવક શ્રેષ્ઠી વર્યને**

**શ્રી. સુથરી જૈન સંઘ** **શ્રી. ક.દ.ઓ જૈન મહાજન સુથરી**

**શ્રી. સુથરી વૈષ્ણવ સમાજ**

**સોનથરી ગ્રુપ** તથા **સોનથરી લેડીઝ વિંગ** વતી
લક્ષ્મીપતિ ધનવીર રાયસોનથરીને નતમસ્તકે વંદન સાથે ,
અરિહંત શરણે ચીર શાંતિ પામો એવીજ પ્રભુ પ્રાર્થના !

## અભિનંદન !
## અભિનંદન !
# અભિનંદન !



### શ્રી કલ્પેશ માણેકજી મોતા
(રાપર ગઢવારી - ઘાટકોપર)

**શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન - મુંબઈના**
**પ્રમુખ પદે ચુંટાવા બદલ હાર્દિક અભિનંદન**
**આપના સક્ષમ નતૃત્વમાં જ્ઞાતિ સર્વાંગીણ વિકાસ સાધે**
**એવી સર્વ સહકારની ખાતરી સાથે શુભકામના**

–: શુભેચ્છક :-

**જયેશ ભાગચંદ જૈન** (કોઠારા - મુલુંડ)
**પ્રવિણ હંસરાજ લોડાયા** (આરિખાણા - મુલુંડ)
**શ્રી ગોવિંદજી લાલજી પટેલ** (સાંધવ - મુલુંડ)
**શ્રી કિરણ લાલજી દંડ** (પરજાઉ - મુલુંડ)
**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ**

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

## શ્રેષ્ઠીશ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપશીયા સમસ્ત મહાજન અકસ્માત વિમા યોજના - ચેક અર્પણ થયો.



શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન અંતર્ગત શ્રેષ્ઠીશ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા (રવા-ચેમ્બુર) પરિવાર આકસ્મિક મૃત્યુ વિમા કવચ યોજના હેઠળ તાજેતરમા ચિ. જય લોડાયા . આકસ્મિક મૃત્ય ક્લેમુની સંપૂર્ણ રકમ રૂા.૨,૫૧,૦૦૦/- નો ચેક શ્રી.ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના આગામી પ્રમુખશ્રી અને સમસ્ત મહાજનના વર્તમાન ટ્રસ્ટી શ્રી કલ્પેશભાઈ માણેકજી મોતા મે. ટ્રસ્ટી અને ઊક્ત યોજનાના દાતાશ્રી કિરીટભાઈ ના વરદ હસ્તે ડોંબીવલી ખાતે, ડોંબીવલી મડળ તથા ન.ના. મેડીકલ ચૈરેટી ટ્રસ્ટ ના સંયુક્ત ઊપક્રમે આયોજીત મેડીકલ ચેકેઅપ કેમ્પ માં, સ્વ. જય ના પિતાશ્રી શ્રી પ્રવિણભાઈ લોડાયા - કોઠારા - ડોબિવલી ને અર્પણ કરાયેલ. તેમણે આ સંપૂર્ણ રક્કમ સ્વ.જયની પાવન સ્મૃતિમાં ડોંબીવલી મંડળને જ્ઞાતિની સામાજિક સુરક્ષા યોજના ના જરૂરીયાત મંદ જ્ઞાતિજનો ના પ્રીમીયમ હેતુ અર્પણ કરવાની જાહેરાત કરી હતી. તેમના સુકુતની અનુમોદના.



## પક્ષીઓ માટે ફળો મળે તે માટે વૃક્ષારોપણ

સી.ડી.ઓ. જૈન અજ્યુકેશન સોસાયટી, ગદગ દ્વારા સંચાલિત ઈંગ્લીશ મિડીયમ સ્કુલના ૧૧૦મા વાર્ષિક મેળાવામાં મુખ્ય મહેમાન તરીકે પધારેલ શ્રી મુકેશ લોડાયા તરફથી આંબાના ઝાડ જેના ફળો ફક્ત પક્ષીઓ માટે જ ઉપયોગમા લેવા તે ઉદેશ ભાવનાથી રોપવામાં આવ્યા હતા. જળ સીંચન કરવાની દેખરેખ શાળાનાં વિદ્યાર્થીઓ હસ્તક રહેશે. તસવીરમાં શાળાના પ્રમુખ વિપુલ વિરેન્દ્ર લુઠીયા, કમિટિ સભ્ય પરેશ નાગડા, રવિ કુંવરજી લોડાયા, વિપુલ કે શાહ તેમજ પ્રતિભાબેન અને શિક્ષકો - શિક્ષિકાઓ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત દેખાય છે.

## મુકેશ માણેકજી લોડાયા જૈન ફાઉન્ડેશન દ્વારા યુનિફોર્મ માટે ખાદીનું વિતરણ



મુકેશ માણેકજી લોડાયા જૈન કોચીન ફાઉન્ડેશન દ્વારા શાળામાં યુનિફોર્મ માટે સો ટકા ખાદી કોટન વપરાય તેના પ્રચાર માટે ગદગ મધ્યે શ્રી શાસ્ત્રીજી હાઈસ્કૂલને તા. ૫-૧-૨૦૧૫ના દિવસે એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ, ગદગ ની અનુમતી સાથે ડબલ ગ્રેડ વીવીંગ વાળું ૧૦૦% ખાદી કોટન યુનિફોર્મ માટે ૧૪૦ મીટર ખાદી કાપડનું અનુદાન અપાયું ફાઉન્ડેશન તરફ થી કાપડ અર્પણ કરાયેલ આ ત્રીજી શાળા છે.

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,